R.N.I. No. MAHBIL/2020/79181

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

# CDO PRAKASH SAMIKSHA

Since 1925...

(Gujarati & English Bilingual) FORTNIGHTLY

સળંગ વર્ષ ૧૦૦મું

VOLUME : 04 • ISSUE : 07 • PAGES : 32 • MUMBAI • DATE : 5TH FEBRUARY 2024

BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-



With Best Compliments from:

MICROFINISH

Pumps • Valves • Automation




MICROFINISH VALVES PVT. LTD.

REGISTERED OFFICE:
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

WORKS: Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

BRANCH OFFICES:
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.

# શૈક્ષણિક સિદ્ધિનું અભિવાદન

**ગામ : સેવક ભરૂડીયા (મુલુંડ વેસ્ટ)નું ગૌરવ**

**Passed CA in First Atempt**



## C.A. Lay Vikas Dand

શ્રી વાસુપૂજ્ય દાદા અને શ્રી સચ્ચા માતાની
અસીમ કૃપાથી ચિ. લય એ
**CA Final** ની પરીક્ષામાં ઝળહળતી
સફળતા હાંસલ કરી ગૌરવ પ્રાપ્ત કર્યું છે.

સફળ થવાની તારી અદા, જાળવી રાખી તેં સદા...
CA ના શિખર કરીને પાર, ગૌરવ આનંદ અપાવ્યો અપાર...
ભાવિ કારકિર્દી બનાવીશ ખાસ, સર્વે સ્નેહીની એવડી આશ...

''
જીવનમાં ખૂબખૂબ આગળ વધી,
નવા નવા સોપાન સર કરે અને
ગામ તેમજ પરિવારનું નામ રોશન કરે એવી
હાર્દિક શુભેચ્છાઓ, શુભકામનાઓ સહ આશિર્વાદ..

લિ. માતુશ્રી દેવાબાઈ ખીમજી દંડ પરિવાર

**દાદાણા**

અ.સૌ. હંસાબેન ધનકુમાર દંડ-સેવક ભરૂડીયા (મુલુંડ)

**નાનાણા**

માતુશ્રી કાંતાબેન સોમચંદ લોડાયા-મોટી ખાવડી(ઘાટકોપર)

**માતા-પિતા :** અ.સૌ. શિલ્પા વિકાસ દંડ

**કાકી-કાકા :** અ.સૌ. મનીષા નિલેશ દંડ

**ભાઈ :** જીનય નિલેશ દંડ



*Hearty Congratulations*

## *Mihir Kamlesh Khona*

*for completing Studies in Masters in Global Financial Market and securing 82% in final exams and now working in a Multi National Company Societe Generale at Bangalore.*

*Our Best Wishes for a Bright Future*

**Parents**

**Sow. Deepika Kamlesh Khona- Hubli**

**Dadana**

**Matushri Leelavanti Khetshi Khona- Hubli**

**Nanana**

**Matushri Kanta Premchand Nagda- Nanded**

**Sister**

**Sow. Priyanka Dipen Motta-Salem**

*Best Wishes*

Sha Raichand Malshi Motta - Salem

Meher Dipen Motta - Salem

Cell : 98454 51549 102, K.D.O. Mansion
90350 48684 Kusugal Road, Hubli-580 023.

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન - ટ્રસ્ટ, મોટી સિંધોડી
### શ્રી નેમિનાથ દાદા નૂતન જિનાલય પ્રતિષ્ઠા મહોત્સવ સમિતિ

# પ્રતિષ્ઠા મહોત્સવનાં વધામણાં




| મહોત્સવ પ્રારંભ : | મહોત્સવ પૂર્ણાહુતિ : |
|---|---|
| વિ.સં. ૨૦૮૦ મહાવદ ૩ ને સોમવાર તા. ૨૬-૦૨-૨૦૨૪ | વિ.સં. ૨૦૮૦ મહાવદ ૭ ને શુક્રવાર તા. ૦૧-૦૩-૨૦૨૪ |



શ્રી મોટી સિંધોડી નગરે, નૂતન જિનાલયે, શ્રી નેમિનાથ દાદાની પ્રતિષ્ઠાના શુભ અવસરે પંચાન્હિકા મહામહોત્સવનું ભવ્ય આયોજન અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ. શ્રીમદ્ કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. આદિઠાણાની પાવન નિશ્રામાં ઉજવવામાં આવશે. આ કાર્યક્રમમાં અન્ય ગુરૂ ભગવંતો તથા સાધ્વી ભગવંતો પોતાની અનુકુળતાએ નિશ્રા પ્રદાન કરશે.

વિધિકાર અને સુત્ર સંચાલક નવકાર રત્ન શ્રી નરેન્દ્રભાઈ નંદુ અને એમના સુપુત્રો સાથે સંગીતના સથવારે સમગ્ર કાર્યક્રમ ઉજવાશે.

**સકળ શ્રી સંઘને પધારવા ભાવભર્યુ આમંત્રણ છે.**

ઉપરોક્ત મહોત્સવની આમંત્રણ પત્રિકા ગામવાસીઓ તથા નિયાણી બહેનોને મોકલવામાં આવેલ છે. સર્વે મહાજનો, જ્ઞાતિના શ્રેષ્ઠીવર્યો તથા દાતા પરિવારોને આમંત્રણ મોકલવામાં આવેલ છે. સંજોગોવસાત હજી સુધી આપને આમંત્રણ પત્રિકા ન મળી હોય તો આ નિમંત્રણ ને આમંત્રણ સમજી જરૂરથી પધારશો. આપ ક્યારે મોટી સિંધોડી પધારશો જેની આગોતરી જાણ જરૂરથી કરશો જેથી આપની આગતા-સ્વાગતા કરવામાં સુગમતા રહે.

-: સંપર્ક :-

પ્રમુખ : અ.સૌ. હર્ષાબેન શાહ – 98692 48303
માનદ્‌મંત્રી : શ્રી હરીશભાઈ મોમાયા – 98202 85781
શ્રી લહેરચંદભાઈ મૈશેરી – 98331 56066

મહોત્સવ કન્વીનર : શ્રી મુકેશભાઈ લોડાયા – 98211 54326

# સમાચાર

## પ્રો. પ્રીતિ લોડાયાને પીએચડીની ડિગ્રી



સાંયરાના કાંજુરમાર્ગ, મુંબઈ નિવાસી પ્રો. શ્રીમતી પ્રીતિ નિરેન કલ્યાણજી લોડાયા (મા. કાશ્મીરાબેન ખેતશી ઠાકરશી ધરમશી-કોઠારાના સુપુત્રી)ને પારૂલ યુનિવર્સિટી વડોદરાની ઈલેક્ટ્રોનિક્સ એન્ડ કમ્યુનિકેશન એન્જીનિયરીંગમાં પીએચડીની ડિગ્રી પ્રાપ્ત થઈ છે.

## કેડીઓ ગૌરવ મોનીષા મૈશેરી



નાની સિંધોડીના ડોંબિવલી નિવાસી કુ. મોનીષા કૃણાલ નવીનચંદ્ર કેશવજી મૈશેરીએ ૭૫મા ગણતંત્ર દિવસના રાષ્ટ્રીય કાર્યક્રમમાં કર્તવ્ય પથ પરેડના ભાગરૂપે વંદેભારત નૃત્ય ઉત્સવ-૨૦૨૪માં ભાગ લેવા માટે પસંદગી પામી જ્ઞાતિ માટે વિશિષ્ટ ગૌરવ હાંસલ કર્યુ છે. આ માટે તેમણે 'ભારત નાટ્યમ' સ્ટાઈલ અપનાવી હતી.

અગાઉ કુ. મોનિષાને જુલાઈ ૨૦૨૩માં જી-૨૦ આરઆઈઆઈજી સમિટ (ગ્રાંડ હયાત હોટેલ વેન્યુ-મુંબઈ) ખાતે ભાગ લેવાની તક મળી હતી.

## કુ. ચાંદની મોમાયાને પારિતોષિક



વરાડિયા-સેંધવા, મુંબઈ નિવાસી કુ. ચાંદની સંતોષ શાંતિલાલ મોમાયાના સુપુત્રી કુ. ચાંદની (એફવાયબીઆર્ક) નો એલ.એસ. રાહેજા સ્કુલ ઓફ આર્કિટેક્ચરની ૨૪.૧.૨૪ના યોજાયેલી કોલેજની કલ્ચરલ નાઈટમાં ગ્રુપ ડાન્સ અને કોરિયોગ્રાફી માટે દ્વિતીય પારિતોષીક પ્રાપ્ત થયેલ છે.




## મનિષ મૈશેરીને ટાટા મુંબઈ મેરેથોનમાં ૧૦મા ક્રમાંકે

સાંધાણના કાંજુરમાર્ગ નિવાસી મનિષ દિલીપભાઈ મૈશેરીએ ટાટા મુંબઈ મેરેથોનમા ૧૦ કિ.મી. ઓપન કેટેગરી ૧૦માં ક્રમાંકે આવેલ છે.

**તંત્રી સ્થાનેથી**

આ અંકમાં પ્ર.સ.ના તંત્રી મંડળના સભ્ય એડ. ઉદ્યનભાઈ શાહનો તેમણે તા. ૫ જાન્યુઆરીના અંકમાં લખેલા તંત્રીલેખનો બીજો ભાગ પ્રકાશિત કરેલ છે.



**– હીરાચંદ દંડ, Mob.: 77385 08150**

# જૈન દેરાસરો, જૈન યાત્રાધામો

આપણે જોયું કે ૨૨.૦૧.૨૦૨૪ના દેશમાં એક દિવ્ય અને અલૌકિક ઘટનાએ સ્વરૂપ લીધું અને ધર્મની, સંસ્કારની, દિવ્યતાની પતાકાઓ લહેરાઈ હતી જે આગામી હજારો વર્ષ સુધી લહેરાતી રહેશે અને દેશની દિવ્યતા, ધર્મની અને સંસ્કારની પુનરૂત્થાનની કહાણી કહેશે અને સુવર્ણ અક્ષરે એનો ઈતિહાસ લખાશે.

શું જૈન ધર્મ ફરી વ્યાપક બની શકે છે? જૈન ધર્મના સિદ્ધાંતો ભારતના આત્માનો અભિન્ન અંગ છે. પણ આપણા દેરાસરો અને તીર્થ સ્થાનો આમાં શું ભાગ ભજવી શકે? ઘણો જ મોટો, આમાં કોઇ પણ પ્રકારની શંકાને સ્થાન નથી. શું કદઓ જ્ઞાતિ આ બાબત જાણે અજાણ્યે જાગરૂક છે?

અબડાસા તાલુકામાં લગભગ ઘણા દેરાસરો સુંદર અવસ્થામાં છે અને કેટલાકનો જીર્ણોદ્ધાર થયો છે અને કેટલાક દેરાસરો નવા બન્યા છે. પણ વાત છે ફરી એક વખત જૈન ધર્મની શાશ્વતતામાં અભિવૃદ્ધિ કરવી. તેનો ફેલાવો અને તેના સિદ્ધાંતો સાચા અર્થ સમજાવવાની. જૈન ધર્મને ફક્ત 'મિચ્છામી દુક્કડમ્' અને 'અહિંસા' કે વિવિધ પ્રકારના તપ પ્રકારો સુધી સમજવાની કે સિમિત રાખવાની જરૂર નથી. જૈન સિદ્ધાંતોએ માનવ જાતના ઉત્થાન માટે અમલીકરણ કર્યું છે. એમાં ગુરૂ ભગવંતો અને આચાર્યોનો ફાળો અથાગ છે.

પ્રકાશ સમીક્ષાના આગલા તંત્રી લેખોમાં પણ વિનંતી કરવામાં આવી હતી કે જે પણ દસ્તાવેજો, કિંમતી જણસો છે તેની યાદી બનાવીને જાહેર કરવી. જેથી કરીને તે જ્ઞાતિના કબજામાં રહે અને રહેશે. જ્યાં સુધી હમણાંની સરકાર છે ત્યાં સુધી આપણા ધર્મસ્થાનો આપણા હાથમાં રહેશે. ઈતિહાસ સાક્ષી છે કે ધર્મસ્થાનો બીજાઓના હાથ જતાં વાર નથી લાગતી. આપણે દર વર્ષે કરોડો રૂપિયા ધર્મસ્થાનો અને તપ આરાધનાઓ પાછળ ખર્ચીએ છીએ. હવે આપણા ધર્મસ્થાનો આપણા જ હાથમાં સલામત રહે એવી જડબેસલાક કાયદાકીય અને સામાજિક વ્યવસ્થા કરવી ઘટે અને આના માટે દરેક ગામના મહાજનો અમલીકરણ માટે અત્યારથી તૈયારી કરે. હવે સુચનો મંગાવવા, કમિટીઓ ગઠિત કરવી અને મિટીંગો ભરવાનો સમય નથી. ધર્મસ્થાનો અને એની અસ્કમાયતોની રખેવાળી અત્યારથી જ શરૂ કરવી જેથી ભવિષ્યમાં ફરી 'સેક્યુલરવાદ'નું ભૂત ધુણે તો આપણે સુરક્ષિત રહીએ.

સાધુ ભગવંતો, મહારાજ સાહેબો અને ગચ્છોએ તત્પુરતા તેમના મતમત્તાંર કોરાણે મૂકીને જૈન દેરાસરો, સાહિત્ય અને અસ્કયામતોની સુરક્ષા કાજે અત્યારથી જ પગલાં લેવા ઘટે નહીં તો દેરાસરોની ધજા ફરકાવવા માટે પણ અડચણ આવશે.



**– એડ. ઉદયન શાહ**

**નમ્ર નિવેદન :** ગતાંકમાં પ્રકાશ સમીક્ષાના વાચકોનો પ્રતિભાવ જાણવા એક આખું પાનું મૂક્યું હતું તેવી જ રીતે આ અંકમાં પાના નં. ૫ ઉપર પ્રશ્નપત્ર પ્રકાશિત કર્યું છે. આપના ઉત્સાહપુર્ણ પ્રત્યુતરની અપેક્ષા છે. આ અંગે આપ જાગૃતિ નહિં દાખવો તો પ્રકાશ સમીક્ષાને ફ્રીમાં મોકલવાનું બંધ કરવાની પ્રકાશન સમિતી વિચારણા કરશે. તો આપ સૌ વાચકો પોતાનો પ્રતિસાદ આપે એજ વિનમ્ર નિવેદન.

**– હીરાચંદ દંડ, Mob.: 77385 08150**

## આદ્યતંત્રીઓ

**"પ્રકાશ"**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**"સમીક્ષા"**
સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા
**"પ્રકાશ સમીક્ષા"**
સનત્ શાહ
રાયચંદ રતનશી નાગડા

**: તંત્રી :**
ડૉ. હીરાચંદ દામજી દંડ
**: તંત્રી મંડળ :**
કેશરસિંહ આણંદજી ખોના    ઉદયન લાલજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : ડૉ. હીરાચંદ દામજી દંડ
માનદ્મંત્રી : તેજસ બંકીમચંદ્ર લાલકા
કોષાધ્યક્ષ : હેમાંગ લાલજી શાહ (લોડાયા)

**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા    કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
કેશરસિંહ આણંદજી ખોના    પંકજ પ્રતાપ શાહ
તિલકચંદ કુંવરજી લોડાયા    શૈલેશ સનત્ શાહ
ઉદયન લાલજી લોડાયા    કિરીટ ખેતસી શાહ
જયંત વિશનજી છેડા


**કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી**


**વૉલ્યુમ : ૦૪, અંક : ૦૭, તા. ૦૫-૦૨-૨૦૨૪**



**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**PRAKASH SAMIKSHA**
A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**
હેમાંગ લાલજી શાહ
મો.: 99206 46846
E-mail : **kdoprakash@gmail.com**


## સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of
**"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.

**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી**

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક**

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

# પ્રકાશ સમીક્ષાના વાચકોને પ્રતિભાવ-મંતવ્ય મોકલવા નિવેદન

ક.દ.ઓ. જ્ઞાતિના સર્વપ્રિય પખવાડિક પ્રકાશ સમીક્ષાના વાચકોને વિનમ્ર નિવેદન છે કે પ્રકાશ સમીક્ષા અંગે નીચે આપેલા પ્રશ્નોની સામે આપનો અભિપ્રાય-મંતવ્ય હા/ના માં ટીક કરીને મોબાઈલ કેમેરાથી ક્લીક કરી વોટ્સએપ નં 98215 35111 ઉપર તરત જ મોકલી આપો.

હા, આપનું નામ-કચ્છનું ગામ-હાલનું સરનામું-મોબાઈલ નં. તથા ઈમેઈલ આઈડી જરૂરથી લખવા વિનંતી.

આપનો અભિપ્રાય-મંતવ્ય પ્રકાશ સમીક્ષાને વધુ ઉપયોગી બનાવવાના અમારા પ્રયાસોને બળ પુરૂં પાડશે. આપના સહયોગની આશા સાથે....

- તંત્રી મંડળ - પ્રકાશ સમીક્ષા

---

નામ : ______________________ ગામ : ______________

સરનામું : ______________________________________

______________________________________

મો. નંબર______________ ઈ-મેઈલ______________________

૧) તમે પ્ર.સ. ખરેખર વાંચો છો? હા / ના

૨) પ્ર.સ. નિષ્પક્ષતાનું પક્ષકાર છે? હા / ના

૩) પ્ર.સ.માં પ્રકાશિત વિવિધ વિભાગો તમને ગમે છે? હા / ના

૪) પ્ર.સ. માં ગુજરાતીમાં પ્રકાશિત લેખો તથા માહિતી ઉપયોગી છે? હા / ના

૫) પ્ર.સ.નો અંગ્રેજી વિભાગ ઉપયોગી છે? હા / ના

૬) પ્ર.સ. આપના પરિવારના યુવાનો વાંચે છે? હા / ના

૭) પ્ર.સ. આપને સમયસર મળે છે? હા / ના

૮) પ્ર.સ. માં પ્રકાશિત સમાચારો માહિતીપ્રદ છે? હા / ના

૯) પ્ર.સ. માં પ્રકાશિત જન્મ-મરણ-સગપણ-લગ્ન નોંધ ઉપયોગી છે? હા / ના

૧૦) પ્ર.સ. માં એડ્રેસ ચેન્જનો વિભાગ ચાલુ રાખવો જોઈએ? હા / ના

ઉપરોક્ત પ્રશ્નોના ઉત્તરોમાં હા / ના લખ્યા પછી પણ તમારે કોઈ મંતવ્ય-અભિપ્રાય-સૂચન આપવું હોય તો આપી શકો છો.

તા.: સહી :

|| જય ચકેશ્વરી માતા || || નમો નમઃ શ્રી ભીડભંજન પાર્શ્વનાથાય નમઃ|| || જય પદ્માવતી માતા||

|| નમો નમઃ શ્રી મહાવીરસ્વામી નમઃ || || શ્રી મહાકાળી માતા ||

શ્રી આર્ય-કલ્યાણ-ગૌતમ-ગુણ-ગુણોદય-કલાપ્રભસાગર-કવિન્દ્રસાગર-વિરભદ્રસાગર-મહોદયસાગરસૂરીભ્યો નમઃ

|| રંગપુર સંઘવાત્સલ્ય પ.પૂ.સા. શ્રી દિવ્યગુણાશ્રીજી મ.સા. અને પ.પૂ.સા. શ્રી કોટીગુણાશ્રીજી મ.સા.ને વંદના ||



# સસ્નેહ નિમંત્રણ



## રંગપુર નગરે – શ્રી ભીડભંજન પાર્શ્વનાથ જિનાલયે

## ૩૫મી ધ્વજારોહણ, બે દિવસીય મહોત્સવ

**સંવત ૨૦૮૦ વૈશાખ સુદ ૧૦, ૧૧ને શુક્રવાર, તા.૧૭-૦૫-૨૦૨૪ થી શનિવાર તા. ૧૮-૦૫-૨૦૨૪**

મુખ્ય ધ્વજા / મુખ્ય શિખરમાં મુળનાયકની ધ્વજાના લાભાર્થી તેમજ બંન્ને દિવસના સાધર્મિક ભક્તિના પણ લાભાર્થી

## શ્રીમતી નલીનીબેન રાજેશ લાપસીયા પરિવાર (રંગપુર–મુલુંડ)



**આશિર્વાદ : માતુશ્રી સોનબાઈ ભવાનજી લાપસીયા**



હ. આહાન, મમતા, ધવલ લાપસીયા તથા અરિષ્ઠા, અંતરીક્ષ મલ્લીકા ખીરેશ દંડ (નલીયા)

**• બે દિવસીય મહોત્સવના કાર્યક્રમની રૂપરેખા •**

### શુક્રવાર, તા.૧૭-૦૫-૨૪ (પ્રથમ દિવસ)

બપોરે ૨.૩૦ ક. મહાકલ્યાણકારી અઢાર અભિષેક (નકરો પ્રતિ ૧૮ અભિષેક રૂા. ૧,૦૦૦/-)
પહેલો, ચોથો, છઠ્ઠો, નવમો, બારમો, ચોદમો, પંદરમો તથા સત્તરમો અભિષેકનો લાભ ધ્વજાના લાભાર્થીને આપેલ છે. ૧૮ અભિષેકનો ચડાવો લેવામાં આવશે.

રાત્રે : આરતી, મંગળદિવો, ભક્તિ ભાવના તથા નીચે મુજબની ધ્વજાની ઉછામણી બોલવામાં આવશે.
(૧) રંગમંડપની ધ્વજા (૨) પૂર્વ ચોકીયારાની ધ્વજા (૩) પશ્ચિમ ચોકીયારાની ધ્વજા (૪) ઉત્તર ચોકીયારાની ધ્વજા (૫) ગુરૂમંદિરની ધ્વજા

**આવતા વર્ષની ૩૬મી ધ્વજાનો ચડાવો પણ બોલવામાં આવશે તેનો આદેશ પર્યુષણ પર્વ દરમ્યાન બીજના દિવસે આદેશ આપવામાં આવશે.**

### શનિવાર, તા.૧૮-૦૫-૨૪ (દ્વિતિય દિવસ)

સવારના ૯.૦૦ ક. સત્તર ભેદી પૂજા તેમજ શુભ મુહુર્તે ધ્વજા રોહણ પૂજા દરમ્યાન નીચે મુજબની ઉછામણી લેવામાં આવશે.
(૧) સુર્ય દર્શન (૨) ચંદ્ર દર્શન (૩) આરતી ૧૦૮ દિવાની (૪) મંગળ દીવો વિગેરે.

ભોજનશાળામાં ફોટા યોજનામાં ફેરફાર થશે એ ફોટાનો નકરો **રૂા. ૨૧,૦૦૦/-** અને કાયમી નિભાવમાં **રૂા. ૨૫,૦૦૦/-** થી ઉપર ક્રમ પ્રમાણે તક્તી લાગશે યોગ્ય જગ્યા પર. ૧ એક રૂમનો નકરો **રૂા. ૫,૦૦,૦૦૦/-** (અંકે પાંચ લાખ) રાખવામાં આવેલ છે. **દાતા આવકાર્ય છે.** તો જે પણ પરિવારને લક્ષ્મી ને મહાલક્ષ્મી બનાવી સહભાગી થશો. **''સબકા સાથ રંગપુર કા વિકાસ''**. ભોજનશાળાની ઉપર પહેલા માળાના વિંગના દાતા **રૂા. ૨૧,૦૦,૦૦૦/-** માં આવકાર્ય છે.

આ પ્રસંગે વિધિકાર અને સંગીતકાર **શ્રી મનોજભાઈ હીરાચંદ લોડાયા (મોટી ખાવડી)** અને સાથી કલાકારો પધારશે.

**આ પ્રસંગે આપ સર્વે રંગપુર ગામવાસીઓ નિયાણી બહેનો તેમજ દિકરીઓ અને આમંત્રીત મહેમાને પધારવા ભાવભર્યું આમંત્રણ પાઠવતા હર્ષ અનુભવીએ છીએ.**

આ પ્રસંગે દર વરસે ખૂબજ ઉમંગ ઉત્સાહથી ઉજવાય છે અને દેવ, ગુરૂ અને વડીલોના આશીર્વાદથી સર્વેનો તન, મન અને ધનથી સાથ-સહકાર મળી રહે છે. તે સર્વેને અભિનંદન અને અભિવંદના.

અમને જણાવતા હર્ષ થાય છે કે જિનાલયનો જીર્ણોધ્ધાર, નુતનીકરણ, નૂતન ભોજનશાળા અને વધારાના અતિથિગૃહની રૂમોનું કામ ચાલુ છે. આપના સૌના આશીર્વાદના અભિલાષી.

**લી. શ્રી રંગપુર કચ્છી દશા ઓશવાલ જૈન શ્રી ભીડભંજન પાર્શ્વનાથ દેરાસર અને ઉપાશ્રય ટ્રસ્ટ વતી**
**શ્રી પંકજ કેશવજી ધરમશી (પ્રમુખ-ટ્રસ્ટી) તથા સર્વે ટ્રસ્ટીગણ અને કારોબારી સભ્યો અને સલાહકાર સમિતિના સભ્યોના જય જિનેન્દ્ર!**

UPASANA - 9820167767

# લઘુકથા : ડોબા જેવો બાપ

એ ૨૦૧૮નો આકરો ઉનાળો હતો. તે સમયે મારું 'પોસ્ટીંગ' સાબરમતી નદીના કાંઠે આવેલી બેંકની એક તાલુકા શાખામાં હતું. મે મહિનાની પ્રચંડ ગરમી અને એમાંય ખરો બપોર. એટલે શાખામાં ગ્રાહકોની સામાન્ય અવર જવર હતી. છત ઉપર લટકી ફરતા પંખા મોંઘવારી સામે લડતા ગરીબોની જેમ ગરમીને હંફાવવાનો મિથ્યા પ્રયાસ કરતા હતા. શાખાના કર્મચારીઓ પોતાના રોજીંદા કામકાજમા વ્યસ્ત હતા, તો હું પણ કામના તુમારનો નિકાલ કરતો હતો.

એ વખતે એક સફેદ વસ્ત્રધારી ટોળું શાખામાં પ્રવેશ કરે છે. ટોળામાં ત્રણ પુરુષો અને બે સ્ત્રીઓ હતી. પુરુષોએ માથાં અને દાઢી-મુછ મુંડાવી ચહેરા સફાચટ કર્યા હતા અને ખભે ખેસ વીંટ્યા હતા તો સ્ત્રીઓએ  સાડી પહેરી માથાં ઢાંક્યા હતા. તેમાંથી એક સૌથી મોટા દેખાતા અને ચપળ લાગતા પુરુષના હાથમાં એક થેલી હતી. આખું ટોળું સીધું જ શાખામાં નવનિયુક્ત ફરજ પરના અધિકારી પાસે પહોંચે છે. કાપડની થેલીમાંથી કેટલીક બાંધી મુદતની થાપણોની રશીદો કાઢી તેની રકમનો દાવો કરે છે.

વાત જાણે એમ હતી કે બાજુના ગામના એક વયોવૃદ્ધ વ્યક્તિની અમારી શાખામાં ૧૪ લાખની થાપણો હતી અને તેમનું હમણાં ત્રણ દિવસ પહેલાં જ અવસાન થયું હતું. અને, આ શ્વેતાંબર ટોળું એમના સંતાનોનું હતું. સંતાનોમાં ત્રણ પુત્રો અને બે પુત્રીઓ. તેમણે આપેલી 'ફિક્સ્ડ ડિપોઝીટ'ની રશીદોની તપાસ કરી અધિકારી એ કહ્યું :

''તમારા પિતાજીએ આ થાપણો માટે કોઈ વારસદારની નિમણૂંક કરેલ નથી એટલે આ નાણાં લેવા માટે તમારે કેટલીક કાર્યવાહી કરવી પડશે.''

''કેવી કાર્યવાહી, સાહેબ ?''

''સૌ પ્રથમ તો તમારે નોટરી સમક્ષ સોગંદનામું કરી વારસાઈ કરવી પડશે. તે પછી મૃતકનો મરણનો દાખલો, કાયદેસરના તમામ વારસદારોના ઓળખપત્રોની નકલ, તેમનો એક-એક ફોટોગ્રાફ, રૂા. ૩૦૦ના સ્ટેમ્પ ઉપર 'ઈન્ડેમનીટી બોન્ડ' ઉપર તમામની સંમતિ સાથે એક દાવેદારની નિયુક્તી અને તેની બેંકની વિગત વિ. આપ્યા પછી તેના ખાતામાં દાવાની રકમ આવશે.''

આટલું સાંભળતા તો તે પાંચેયના ચહેરા વધારે શોકાતુર બન્યા. કારણકે તેમને તો આજે જ કામ પતાવી દેવાની ઉતાવળ હતી. સમજોને કે આ નાણાંમાંથી જ પિતાનું ક્રિયા-કર્મ કરવાનું આયોજન હતું. ફરજ પરના અધિકારી સાથે થોડીક રકઝક પછી તે ટોળું મારી 'કેબિન'માં આવે છે.તે પૈકીના સૌથી સક્રિય હતા તે ભાઈ એ રજુઆતનો દોર શરૂ કર્યો...

'' સાહેબ, પેલા અધિકારી કહે છે તે સાચી વાત છે  ?

તપાસના અંતે મેં  અધૂરી વાત પૂરી કરી : '' હા...અને વધુમાં દાવાની રકમ મોટી હોવાથી અમારા શાખાના અધિકાર ક્ષેત્રમાં આવતી નથી માટે તે મંજૂરી અર્થે ક્ષેત્રીય કાર્યાલયમાં જશે.એટલે એકાદ અઠવાડિયું એમાં પણ થશે.''

પરિસ્થિતી અપેક્ષિત ન સર્જાતા અકળાયેલા એ મહાશયે પોતાના સહોદરોને સંબોધીને કહ્યું :'' આ બાપા પણ છે ને...! 'સાવ ડોબા જેવા' હતા. એમણે જો આ થાપણોમાં  વારસદારની નિમણૂંક કરી હોત તો આજે આપણને આટલી તકલીફ ના પડતી હોત...!''

બાકીના બે ભાઈઓએ આ વાતમાં પોતાનો સૂર પુરાવ્યો. બે બહેનોનું મૌન પણ સંમતિ સૂચક જ હતું. એટલે, હવે મારી અંદરનો માણસ ઉશ્કેરાયો.

હાથનો ઈશારો કરી મેં તેમને વધારે નજીક બોલાવી કહ્યું: ''તમે એ વિચાર કર્યો કે જે રકમની રોકડી કરતાં તમને આટલી તકલીફ પડે છે, એ રકમને એકઠી કરતાં એ 'સાવ ડોબા જેવા' માણસને જીંદગીમાં કેટલી તકલીફો પડી હશે..?!?''

અને, આટલું સાંભળતા જ સાડી ઓઢેલા અને મુંડન કરેલા માથાં શરમથી ઝૂકી ગયા.

(સત્યઘટનાઓ પર આધારિત લઘુવાર્તાઓની રાજ્યકક્ષાની સ્પર્ધામાં પ્રથમ ઈનામ પ્રાપ્ત કરનાર કૃતિ)

**- મનોજ એલ. બ્રહ્મભટ્ટ (લીંચ)**

**(વોટ્સએપમાંથી સાભાર)**

# શ્રી સી.ડી.ઓ.જૈન
# શિક્ષણ પ્રસારક સમિતિ ટ્રસ્ટ

## શિક્ષણ સફળતાની સીડી





સદીઓથી શિક્ષણ ક્ષેત્રે કાર્યરત આપણી સામાજીક સંસ્થાઓ જેવી કે શ્રી વીરજી લધાભાઇ કે.ડી.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ, શ્રીમતી લક્ષ્મીબાઈ વીરજી લધાભાઇ કે.ડી.ઓ.જૈન કન્યા છાત્રાલય, શ્રી સી.ડી.ઓ.જૈન શિક્ષણ પ્રસારક સમિતિ ટ્રસ્ટ, શ્રી કે.ડી.ઓ.જૈન સમાજ કેળવણી ઉત્કર્ષ ટ્રસ્ટ તથા શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ થી આપણે સૌ પરિચિત છીએ જ.

સમય સાથે શિક્ષણ ક્ષેત્રે થતા બદલાવ થકી આપણા સમાજનાં વિદ્યાર્થીઓની બદલાતી જરૂરિયાતો તેમજ આપણા દ્વારા તેમને આ અર્થે મળતા સહયોગ બાબત ચર્ચા વિચારણા કરવા; શ્રી વીરજી લધાભાઇ કે.ડી.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ ટ્રસ્ટના **મેનેજીંગ ટ્રસ્ટી શ્રી કમલેશભાઈ શિવજીભાઇ વિકમશી**ના નેતૃતવ હેઠળ સમાજનાં પ્રત્યેક ગામનાં મહાજનોનાં પ્રતિનિધિઓ તેમજ સમાજના શીક્ષણપ્રેમીઓ સાથે...





**રવિવાર, તા. ૧૦.૦૩.૨૦૨૪નાં સવારે ૧૦.૩૦ વાગે**

**શ્રી વીરજી લધાભાઇ કે.ડી.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ,**

**શ્રી ભવાનજી અરજણ ખીમજી એજ્યુકેશનલ કેમ્પસ,**

**લક્ષ્મીનિવાસ, કામાલેન,**

**ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૬**

...ખાતે એક મીટીંગનું આયોજન કરી રહ્યા છીએ.

પ્રત્યેક ગામનાં મહાજનોનાં બે પ્રતિનિધિઓને તેમજ સમાજના શીક્ષણપ્રેમીઓને આ મીટીંગમાં ઉપસ્થિત રહી અમુલ્ય સુજાવ આપવા ભાવભર્યું આમંત્રણ છે. આપની હાજરીની આગોતરી જાણ ઇમેલ એડ્રેસ vlvgtrust@gmail.com પર કરવા વિનંતી, જેથી યોગ્ય વ્યવસ્થા કરવામાં સુગમતા રહે.

**પ્રમુખ : શ્રી કિરીટભાઈ લક્ષ્મીચંદ લાપસિયા**

**માનદ્મંત્રીઃ શ્રી હીરાચંદ દામજી દંડ**

**સહ- માનદ્મંત્રીઃ શ્રી હેમાંગ રાયચંદભાઈ ધરમશી**

**વધુ માહિતી માટે : સંસ્થાના માનદ્મંત્રી શ્રી હીરાચંદ દામજી દંડને મો.ન.: 7738508150 ઉપર સંપર્ક કરી શકાશે.**



# કચ્છ દર્શન





લેખક : સોમ ધરમશીં
મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭

ભાગ : ૧૪

## ગતાંકથી ચાલુ




અરજણભાઈએ બસનું ભોંપું વગાડ્યું ને રમજુએ બસની અંદરનાં યાત્રિકોની ગણતરી શરૂ કરી. રમજુને એક યાત્રિક ઓછો દેખાણો એટલે મને જાણ કરી ત્યારે અરજણભાઈએ કહ્યું ''બિપિનભાઈને ખરીદી નહોતી કરવી, અને બિદડામાં તેમના સગાને મળવાનું હોવાથી તેઓ છકડામાં બેસી બિદડા ગયા છે અને ત્યાં મળશે.

મને હાશકારો થયો અને અરજણભાઈને બસ સ્ટાર્ટ કરવા વિનંતી કરી, અમારી બસ ભુજપુરથી બિદડા તરફ રવાનાં થઈ અને નાની મોટી ખાખર ગામ પસાર કરી આગળ વધી.

કચ્છમાં મોટી ખાખર ગામમાં પાર્શ્વગચ્છનાં મહોપાધ્યાય શ્રી ભુવનચંદ્ર મ.સા.નું દિગ્દર્શન હેઠળ જૈન મહાજને વિશિષ્ટ પ્રદર્શનનું આયોજન કર્યુ છે, જ્યાં જૈન ધર્મના અપ્રાપ્ત ગ્રંથનું પુસ્તકાલય છે, તેમજ સુંદર શ્રમણીગણ વાપરે તેવા પાત્રા ઉપકરણો, નવકારવાળીઓ, ઈત્યાદી મૂકવામાં આવી છે. તાડપત્ર પર લખાયેલ જૈન ધર્મનાં કેટલાક સુત્રો છે. આ પ્રદર્શનની મુલાકાત એકવાર અવશ્ય લેવા જેવી છે. અમારી પાસે સમયનો અભાવ હોવાથી અમે સીધા શ્રી બિદડા સર્વોદય ટ્રસ્ટ સંચાલિત કે. એમ. પટેલ આરોગ્યધામ પહોંચ્યા.,

૧૨ જુન ૧૯૭૨માં સ્થાપાયેલ આ સંસ્થા કચ્છનાં ૯૦૦ જેટલા ગામડાઓમાં અવિરત તબીબી સહાય પુરી પાડે છે. ઈ.સ. ૧૯૮૦માં આ સંસ્થા લગભગ ૮૦ પથારીની હોસ્પિટલમાં નિર્માણ પામી અને હવે અહીં દર વર્ષે ડિસેમ્બરનાં છેલ્લા પખવાડિયાથી લઈ જાન્યુઆરી મહિનાનાં પહેલા પખવાડિયા સુધી મેડિકલ કેમ્પનું આયોજન અમેરિકા સ્થિત ભારતીય ડોકટરો અને મુંબઈ, આણંદ, નડિયાદ થી તજજ્ઞો પધારી ૩૪ મેડિકલ સ્પેશાયલીટીમાં સેવા આપે છે.

કચ્છમાં આંખોના વધુ પડતા દર્દીઓ હોવાથી શરૂઆત આંખનાં ઓપરેશનોથી થયેલ ત્યાર પછી દંત વિભાગમાં બત્રીસી બેસાડી આપવાની સેવા, સ્ત્રીઓ માટે ગાયનેકોલોજીસ્ટની સેવા વગેરે અહીંયા અતી ઓછી ફી થી પ્રાપ્ત છે.

પાસે જ તારામતી વેલનેસ અને યોગા સેન્ટરનો ભવ્ય પ્રકલ્પ બનાવવામાં આવ્યો છે. આ સેન્ટર યોગ પ્રેમીઓને અષ્ટાંગયોગ, રાજયોગ, ધ્યાન અને પ્રાણાયામ, યોગાચાર્યનાં માર્ગદર્શન હેઠળ કરાવી સારવાર આપવામાં આવે છે.

૨૦૦૧નાં ભુકંપ પછી શરૂ કરવામાં આવેલું 'જયા રિહેબ સેન્ટર' દર વર્ષે અનેક દર્દીઓ જેવાકે, પોલીયોગ્રસ્ત અથવા એકસીડેન્ટમાં વિકલાંગ થયેલાને ફિજીઓથેરાપી દ્વારા ચાલતા કરી દેવામાં આવે છે. પણ આ માટે દર્દી અને તેમના કુટુંબીજનો પાસે ધીરજ, રોજની કસરત જરૂરી છે.

બધા વિભાગોમાં ફરતા ફરતા અમારો સારો એવો સમય પસાર થઈ ગયો. કેટલાકે નેચરોપેથીથી અહિં ૧૫ થી ૨૦ દિવસ સારવાર લેવાનું મન બનાવી લીધું.

અહીં હાલનાં ટ્રસ્ટના ચેરમેન શ્રી વિજયભાઈ છેડાને હું ઓળખતો હોવાથી તેમની ઓફિસમાં તેમને મળી અમારા માટે મંગાવેલ ચા-પાણીને ન્યાય આપી અમે બધા શ્રી બચુભાઈ વિશનજી રાંભિયા મેમોરીયલ અને ઓડિરોટીયમની મુલાકાત લઈ કચ્છ જે ક્યારેક પછાત પ્રદેશ કહેવાતો તેમાં મુંબઈથી પેતાને જવાહર મેડિલક સ્ટોર્સનો ધીકતો ધંધો છોડી કચ્છમાં બિદડાનાં સેવાનાં યજ્ઞમાં પોતાના અમુલ્ય સમયની આહુતિ આપનાર પ્રત્યે ઋણ અદા કરવા પહોંચ્યા અને સેવાયાત્રાનાં ફોટા જોઈ અભિભુત થઈ ગયા.

કચ્છમાં અબડાસા તાલુકામાં ભોજાયમાં આવેલ હોસ્પિટલ તેમજ ભચાઉમાં આવેલ હોસ્પિટલ પણ કિફાયત કિમતે દર્દીઓને સહાયતા પૂરી પાડે છે.

આ ત્રણે હોસ્પિટલ સાથે સંકડાયેલા શ્રી લીલાધર ગડા જેમને ''અધ્ધા''ના હુલામણા નામથી ઓળખે છે તેમનો ટુંકમાં પરિચય અમારા યાત્રિકોને કરાવ્યો. ''અધ્ધા''નાં મેઘધનુષી વ્યક્તિત્વ પર એક લેખ પણ ઓછો પડે... ફરી ક્યારેક.

અમે બધા બસમાં ગોઠવાયા અને ''અધ્ધા''એ માનસિક વિકલાંગ બાળાઓ માટે બનાવેલ સેન્ટર ''માનસી'' જોવા ઉપડી ગયા. (વધુ આવતા અંકે...)


U M KHONA AND COMPANY
CLEARING | FORWARDING | LOGISTICS
AEO
भारतीय सीमा शुल्क
INDIAN CUSTOMS
COMMITMENT
TO EXCELLENCE
OUR PRESENCE AT:
MUMBAI
JNPT
HAZIRA
KOLKATA
HALDIA
CHENNAI
KANDLA
MUNDRA
PIPAVAV
U M KHONA AND COMPANY
1011, Universal Majestic,
Behind RBK International Academy,
Off Ghatkopar – Mankhurd Link Road,
Chembur, Mumbai 400 088.
jayant.lapsia@gmail.com
Tel.: 6155 9901
Email : harsh.lapsia@umkhona.com
Tel : +91 22 6155 9999 / +91 98190 30311
Fax : +91 22 6155 9955
www.umkhona.com
CB: 11/189

# રત્નાશ્રમના નવોત્થાનના શિલ્પી : કર્મવીર કરમશીભાઈ શાહ

આજે શતાબ્દી ઉજવી રહેલા મહાવીર જૈન ચારિત્ર કલ્યાણ રત્નાશ્રમે વિકાસનાં અનેક શિખર સર કર્યા છે. અહીં રહીને અભ્યાસ કરી જનારા આજે વિશ્વભરમાં પોતાનું અને આશ્રમનું નામ ઉજાગર કરી રહ્યાં છે. આશ્રમના વિકાસમાં આવી કેટલીય પ્રતિભાઓએ પોતાનું આયખું કે અમૂલ્ય જીવનનાં મોટભાગનાં વર્ષો ખર્ચી નાખ્યા છે. આવી પ્રતિભાઓને આશ્રમનાં શતાબ્દી વર્ષમાં યાદ કરવાનો અનુક્રમ છે. આવી અનેક પ્રતિભાઓ પૈકી કરમશીભાઈ કુંવરજી શાહ પણ એક છે. આશ્રમમાં જ અભ્યાસ કરી, એ પછી આજીવન આશ્રમના વિકાસમાં એમણે પોતાનાં જીવનનાં અમુલ્ય વર્ષો સમર્પિત કર્યા હતા. આશ્રમના વહીવટ અને તેના આર્થિક વિકાસમાં કરમશીભાઈનું યોગદાન પાયાના પથ્થર સમાન રહ્યું છે.



આશ્રમમાં કર્મવીર તરીકે જાણીતા કરમશીભાઈ શાહનું મૂળ વતન કચ્છના નખત્રાણા તાલુકાનું રાણપર ગામ હતું. એક ખેડૂત પરિવારમાં તા. ૨૧.૧૧.૧૯૧૮ના જન્મેલા કરમશીભાઈ રત્નાશ્રમના જ વિદ્યાર્થી અને વિદ્યાભ્યાસ સંપન્ન થયા પછી પણ સતત આશ્રમ સાથે જોડાયેલા રહ્યાં. એકધારા ૩૮ વર્ષ આશ્રમના મંત્રી તરીકે કાર્ય કરી આશ્રમને આર્થિક રીતે સંપન્ન બનાવવામાં એમનું યોગદાન બહોળું રહ્યું છે.

કરમશીભાઈ મુનિ કલ્યાણચંદ્રજીના સાચા વારસદાર હતા. મુનિએ એમના હાથમાં આશ્રમનું સુકાન સોંપ્યુ હતું. આશ્રમમાં આર્થિક સંકટ આવ્યું ત્યારે તેને એ સંકટમાંથી ઉગારી અનેકવિધ પ્રવૃત્તિઓ અને સગવડો ઊભી કરી, એક આદર્શ સંસ્થા તરીકે પ્રતિષ્ઠિત કરાવનારા તરીકે આજે પણ એમની સેવાઓ યાદગાર છે. આશ્રમ માટે કરમશીભાઈએ માત્ર તન, મન અને ધન જ નહીં, પણ પોતાનું જીવન પણ સમર્પિત કરી આપ્યું હતું. રત્નાશ્રમની આજની સર્વાંગી પ્રગતિની પાછળ એમના અથાક પ્રયાસો રહ્યાં છે. દિવસ-રાત આશ્રમનાં કલ્યાણ માટે જ ચિંતન કરતાં. તેઓ ૪થી જૂન ૧૯૩૦ના દિવસે આશ્રમમાં દાખલ થયા હતા. મુનિવરો ચારિત્રવિજયજી તથા કલ્યાણચંદ્રજીના તેઓ માનીતા વિદ્યાર્થી હતા. આરંભમાં છાત્રાલયમાં વ્યાયામ, કસરત વિદ્યાર્થી કેપ્ટન તરીકે કામગીરી સંભાળતા, મુનિ કલ્યાણચંદ્રજીના સ્વાસ્થ્યનો પણ તેઓ ખ્યાલ રાખતા. તેમને માલિશ કરી આપતા. જ્યારે કલ્યાણચંદ્રજીનું અવસાન થયું ત્યારે તેઓ સોનગઢમાં જ હતા અને બાપાને અગ્નિદાહ પણ એમણે જ આપ્યો હતો. આશ્રમમાં મેટ્રીક સુધીનો અભ્યાસ પૂર્ણ કરી મુંબઈ ગયા પછી આગળ અભ્યાસ ન કરી શક્યા, પરંતુ આશ્રમના અભ્યાસના મજબૂત પાયને કારણે હિસાબ-કિતાબના કામમાં અત્યંત પ્રવીણ હતા. આથી મુંબઈમાં એ સમયની જાણીતી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ કંપની એસ. કે. ઐયર સાથે જોડાયા અને આજીવન સીએની કંપનીમાં નોકરીને સાથે સાથે એમણે રત્નાશ્રમની સેવાનું કામ પણ અવિરત ચાલુ રાખ્યું હતું અને આશ્રમના વહીવટ, હિસાબ-કિતાબની કામગીરી સંભાળતા. ઈ.સ. ૧૯૪૫થી લાગલગાટ ૧૯૮૨ સુધી આડત્રીસ વર્ષ એમણે રત્નાશ્રમના માનદ્મંત્રી તરીકે કારોબાર સંભાળ્યો હતો અને આશ્રમને સિદ્ધિનાં શિખરે પહોંચાડ્યો હતો. એમના સમયના આશ્રમના વાર્ષિક અહેવાલો જોતાં એમના સમયમાં આશ્રમે સાધેલી પ્રગતિ અવશ્ય નજર પડે છે. ટ્રસ્ટની મુંબઈ ઓફિસમાં નિયમિત રીતે તેઓ હાજરી આપતા અને વહીવટની કામગીરી પર દેખરેખ રાખતા.

સોનગઢ આશ્રમને વ્યવસ્થિત ચલાવવા એક ટ્રસ્ટ બનાવવાની એમણે મુનિ કલ્યાણચંદ્રજી પાસે દરખાસ્ત કરી અને એમના તથા દામજીભાઈ ભેદાના પ્રયાસોથી આશ્રમનું બંધારણ રચાયું અને એક ટ્રસ્ટનું નિર્માણ કરાયું. એમણે મંત્રીપદ સંભાળ્યું ત્યારે માત્ર એકસો વિદ્યાર્થી હતા. એ તમામને તેઓ પોતાનાં બાળકો જ સમજતા. એ દરેક બાળકને નામ લઈને તેઓ બોલાવતા એટલી આત્મીયતા એમણે બાળકો સાથે સાધી લીધી હતી. એ સમયે આશ્રમની આર્થિક સ્થિતિ એટલી સારી નહોતી. આથી તેનો કાયમી ઉકેલ લાવવા શરૂ કરવામાં આવેલી બોણીપ્રથાનાં સુચારુ સંચાલનમાં તેઓ સક્રિય રહેતા. સંસ્થાના પૂર્વ વિદ્યાર્થીઓને બોણીપ્રથામાં જોડાવા પ્રેરણા આપતા અને દરેકનો પોસ્ટકાર્ડ કે ફોનથી કાયમી જીવંત સંપર્ક રાખતા અને આશ્રમની ગતિવિધિથી દરેકને જ્ઞાત કરતા.

મુંબઈ રહીને તેઓ સોનગઢ આશ્રમના વિદ્યાર્થીઓના આગળ અભ્યાસની પણ તેઓ કાયમ ચિંતા રાખતા. આશ્રમમાંથી બહાર પડનારા વિદ્યાર્થીને આગળ અભ્યાસ માટે તેઓ સતત પ્રેરણા આપતા. નોકરી અપાવવામાં નિમિત્ત બનતા. અરે! જરૂર પડે વિદ્યાર્થીને પોતાની સગવડ ન થાય ત્યાં સુધી મુંબઈમાં પોતાનાં ઘરે રાખતા. વિદેશ અભ્યાસ કરવા જનારા વિદ્યાર્થીને આર્થિક મદદ તેઓ જાતેય કરતા અને અન્ય સંસ્થાઓ પાસેથી પણ અપાવતા.

ઈ.સ. ૧૯૮૨માં મુંબઈ સ્થિત મહાવીર જૈન વિદ્યાલય દ્વારા યોજાતા જૈન સાહિત્ય સમારોહનું ચોથું અધિવેશન સોનગઢ ખાતે યોજાયું હતું, એ સમયે તેની તમામ તૈયારી, નિમંત્રિતોને નિમંત્રણ મોકલવા સહિતનું દરેક કાર્ય સંપન્ન કરી તેને આખરી ઓપ એમણે આપ્યો અને અધિવેશન યોજાય એ પહેલાં તા. ૯.૧૨.૧૯૮૨ના દિવસે હૃદયરોગના હુમલામાં તેમનું અવસાન થયું. બન્ને મુનિવરના સાચા વારસદાર બની પોતાના જીવનના અંતિમ શ્વાસ સુધી સંસ્થાની સેવા કરી સંસ્થાને એક સંગીન પડાવમાં પહોંચાડી તેમણે પ્રગતિની કેડી કંડારી આપી રત્નાશ્રમના નવોત્થાનના સાચા શિલ્પી બન્યા હતા.

– **નરેશ અંતાણી** (કચ્છમિત્રમાંથી સાભાર


|| શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ નમઃ ||

**કૃણાલ : ૭૨૨૧૦ ૭૨૧૦૭**

**ગાય અને ભેંસનું શુધ્ધ ઘી**

**સ્વાદ લિજ્જતદાર – સુગંધ ખુશ્બુદાર**
**એક વાર ખાશો તો માંગશો વારંવાર**

**વિરમગામનાં પ્રખ્યાત જૈન દુગ્ધાલયનું**
**શુધ્ધ ઘી હવે મળશે મુંબઈમાં**
**તમારા ઘર આંગણે**



એક કિલો
પાંચ કિલો અને
પંદર કિલોમાં ઉપલબ્ધ

**ફ્રી**
**હોમ ડિલીવરી**



**હોલસેલ અને**
**રિટેલમાં ઉપલબ્ધ**




|| શ્રી અજિતનાથાય નમઃ ||

## શ્રી અજિતનાથ મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ, દલતુંગી

**પ્રિય દલતુંગી ગામવાસીઓ,** તા. ૨૭-૦૧-૨૦૨૪

**પ્રણામ !**

આપણા દલતુંગી ગામે બિરાજમાન મુળનાયક શ્રી અજિતનાથ સ્વામી ભગવાનના દેરાસરની **૧૨૨મી ધ્વજા મહોત્સવ વૈશાખ સુદ ૫ ને રવિવાર તા. ૧૨–૦૫–૨૦૨૪** ના ઉજવાશે. ધ્વજાના લાભાર્થી **શ્રી શામજી પેથરાજ શિયાલ પરિવાર** (ડોંબિવલી).

ધ્વજા રોહણ નિમિત્તે **અઢાર અભિષેક શનિવાર તા. ૧૧–૦૫–૨૦૨૪** ના બપોરે ૨.૦૦ કલાકે રહેશે. **સત્તરભેદિ પુજા તથા ધ્વજા રોહણ રવિવાર તા. ૧૨–૦૫–૨૦૨૪** ના શુભ મુહુર્તે કરીશું.

બન્ને દિવસે વિધિકાર **શ્રી કલ્પેશભાઈ શાહ,** સંગીતકાર **શ્રી વિક્રમભાઈ મહેતા** (જામનગર) સંગીત મંડળી સાથે પધારશે.

**અઢાર અભિષેક નો નકરો રૂા. ૧૨૫૧/–** (૧ અભિષેકના) અને **સત્તરભેદિ પુજા નો નકરો રૂા. ૮૫૧/–** (૧ પુજાના)

લાભ લેવા ઈચ્છુક પરિવારે નામો તથા નકરાની રકમ (રોકડા) **શ્રી પ્રવિણભાઈ રાયચંદ લોડાયા** (મો. **98338 19689**) ને લખાવવા વિનંતી.

ધ્વજા રોહણના દિવસે લક્કી ડ્રો દ્વારા ૫ ઇનામ આપવામાં આવશે. ૧૨૩ મી ધ્વજાની બોલી ધ્વજાના દિવસે (વૈશાખ સુદ ૫ ને **રવિવાર તા. ૧૨–૦૫–૨૦૨૪**) ચડાવો લઈ આદેશ આપવામાં આવશે. ઉછળતા ભાવે લાભ લેવા વિનંતી.

સૌ ગામવાસી, નિયાણી બહેનો, દિકરીઓ, આમંત્રિત મહેમાનો એ સહકુટુંબ પધારી લાભ લેવા વિનંતી.

ચાલો ત્યારે દાદાની ધ્વજામાં સહકુટુંબ હાજર રહી ઉમેળકાભેર ધ્વજા રોહણમાં સામેલ થઈ પ્રસંગને યાદગાર બનાવીએ.

**ભોજનશાળા ફોટો યોજના :** ફોટો યોજનામાં લાભ લેવા વિનંતી. એક ફોટાના **રૂા. ૧૧,૦૦૦/–** અત્યારસુધી લગભગ ૨૩૫ ફોટા આ યોજનામાં આવેલ છે.

**લી. શ્રી અજિતનાથ મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ વતી સર્વે ટ્રસ્ટીગણના જય જિનેન્દ્ર !**

**શબ્દ કોયડો**

# ધર્મસંદેશ - તા. ૦૫-૦૨-૨૦૨૪

રચયિતા : જયકાંત મોતા - તેરા (ઘાટકોપર)
મો. : ૯૮૧૯૬ ૨૮૩૮૨





**આડી ચાવીઓ :**

૧) ગિરનારનું પ્રાચીન નામ (૬)
૪) મેરૂ પર્વતની દક્ષિણે .... ક્ષેત્ર છે (૪)
૬) ચાતુર્માસમાં .... ન ખવાય (૨)
૭) તિર્થંકરનું .... સફેદ રંગનું હોય (૨)
૮) આજકાલ ધાર્મિક અનુષ્ઠાનોમાં .... બહુજ કરવામાં આવે છે (૩)
૯) મીરપુરમાં આવેલ ૧૦૮ પાર્શ્વનાથમાંના એક (૫)
૧૧) પારણામાં જ અગિયાર અંગનો અભ્યાસ કરનાર (૪)
૧૨) એક સ્વપ્ન (૨)
૧૩) જીનાલયમાં મુર્તિની .... પ્રતિષ્ઠા વખતે જીરાવલ્લાનું નામ લેવાય (૨)
૧૪) વિમલનાથનું લાંછન (૩)
૧૫) લોઢણ પાર્શ્વનાથનું એક તીર્થ (૩)
૧૭) અંકુશા એ ..... ના યક્ષિણિ છે (૫)
૧૯) મહાવીર સ્વામીનો પ્રથમ ભવ (૪)
૨૦) મધ્ય પ્રદેશનું એક તીર્થ (૪)
૨૨) ઉત્તર ગુજરાતનું એક તીર્થ (૨)
૨૩) .... યાત્રા, એક વાર્ષિક કર્તવ્ય (૨)
૨૪) ૧૦૮ પાર્શ્વનાથમાંના એક (૨)

**ઊભી ચાવીઓ :**

૧) ઋષભદેવના ચાર કલ્યાણક આ નક્ષત્રમાં થયા છે (૫)
૨) સિદ્ધચક્ર એ એક મહા ........ છે (૨)
૩) આવતી ચોવીસીના દરેક તિર્થંકર અહીં નિર્વાણ પામેશે.
૪) સમવસરણની રચના .... કરે (૨)
૫) નંદિષેણ મુનિના પતનમાં નિમિત બનનાર ગણિકા (૪)
૯) અમદાવાદમાં આવેલ ધર્મનાથનું જીનાલય (૪)
૧૦) અલ્વરમાં આવેલ ૧૦૮માંના એક (૩)
૧૩) નવકાર મંત્રની ભાષા (૩)
૧૪) અહીં કલ્પસૂત્રનું જાહેરમાં શ્રવણ થયું (૫)
૧૬) અઈમુત્તા મુની આ સૂત્ર બોલતા બોલતા કેવળજ્ઞાન પામ્યા (૫)
૧૭) કચ્છમાં ફક્ત આ જ પ્રભુનું એક જ જિનાલય છે (૪)
૧૮) ૧૪૪૪ ..... વાળું રાજસ્થાનનું તીર્થ (૨)
૨૧) ચક્રવર્તીના ૧૪ .... માંનું એક (૨)
૨૨) ગુજરાતનું અજીતનાથનું તીર્થ (૨)

---

**ધર્મસંદેશ - ૨૦.૧.૨૦૨૪ના જવાબો : આડી ચાવીઓ :** (૧) ભારોલ (૩) ચોરવાડી (૮) નાણા (૯) મનોરંજન (૧૧) જીરાવલ્લા (૧૪) વહી (૧૫) બે (૧૬) મોહ (૧૭) સાંધાણ (૧૯) અજાહરા (૨૧) છ (૨૨) વારાણસી (૨૬) નવખંડા (૨૯) લાલા (૩૦) કેસરીયા (૩૧) વામજ. **ઊભી ચાવીઓ :** (૧) ભાભા (૨) લક્ષ્મણાજી (૩) ચોરો (૪) વાલમ (૫) બે (૬) તારંગા (૭) મનમોહન (૧૦) ગાંભુ (૧૨) રાવણ (૧૩) વહી (૧૭) સાંવરા (૧૮) તેરા (૨૦) જામનગર (૨૨) વાડી (૨૩) સીરોડીયા (૨૪) ખેડા (૨૫) શંખલા (૨૭) ખંડવા (૨૮) વીસ (૨૯) લાજ.

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : જયેશ દામજી નથુભાઈ દંડ - મંજલ રેલડીયા (મુલુંડ)**

# શ્રી કચ્છી દશા ઓશવાલ સેવક ભરૂડિયા અચલગચ્છ જૈન સંઘ


સ્થાનિક કાર્યાલય : સેવક ભરૂડિયા, પો. દલતુંગી, જી. જામનગર - ૩૬૧ ૨૮૦
મુંબઈ કાર્યાલય : C/o. ખુશ્બુ ડાયકેમ પ્રા.લિ. ગાલા નં. ૯૯, ન્યુ યુનીક ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, જવાહર ટોકીઝની સામે, ડૉ. આર.પી. રોડ, મુલુંડ (વે), મુંબઈ-૪૦૦ ૦૮૦. ફોન : ૨૫૯૩૯૬૯૬
E-mail ! sevakbharudiyatrust@gmail.in Website : www.KDOtrustbharudia.in


## ૧૭મી વાર્ષિક સામાન્ય સભા

જય જિનેન્દ્ર, આપણા સંઘની ૧૭મી વાર્ષિક સામાન્ય સભા તા. ૦૩.૦૩.૨૦૨૪ના નીચે દર્શાવેલ સ્થળે રાખવામાં આવેલ છે. જેમાં નીચે જણાવેલ કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

## એજેન્ડા

૧) ગત સામાન્ય સભાની મીનીટ્સનું વાંચન તથા તેને બહાલી. ૨) વર્ષ ૨૦૨૨-૨૦૨૩ના ઓડીટેડ હિસાબને મંજુરી આપવી. ૩) વર્ષ ૨૦૨૩-૨૦૨૪ માટે ઓડીટરની નિમણુંક કરવી. ૪) પ્રમુખશ્રીની પરવાનગીથી અન્ય વિષયો પર ચર્ચા વિચારણા કરવી.

**નોંધ : કોરમના અભાવે જો સભા મુલતવી રાખવી પડે તો અડધા કલાક પછી એજ સ્થળે સભા પાછી મળશે. તેમા હાજર રહેલ સભ્યોની કોરમ ગણાશે. તથા તેની કાર્યવાહી કાયદેસર ગણાશે.**

### -: સભાનું સ્થળ :-

**શેઠશ્રી વીરજી જીવરાજ મેપાણી હૉલ, દેવપુંજ, શિશુકુંજ હૉલની પાછળ, વાલજી લધાભાઈ રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦.**

### -: સભાનો સમય :-

**બપોરે ૩.૦૦ થી ૫.૦૦ કલાકે ચા અને અલ્પાહારની વ્યવસ્થા છે**

શ્રી સંઘના હિસાબના ચોપડા અને ઓડિટ રિપોર્ટ જોવા તા. ૨૨.૦૨.૨૦૨૪ થી તા. ૨૪.૦૨.૨૦૨૪ દરમ્યાન બપોરે ૪.૦૦ થી ૬.૦૦ વચ્ચે મુંબઈ કાર્યાલયમાં જોઈ શકાશે. આપણા સંઘની વેબસાઈટ www.KDOtrustbharudia.in ઉપર પણ મુકવામાં આવેલ છે. તો સભ્યો ત્યાં પણ જોઈ શકે છે.

**નમ્ર નિવેદન :-** આપણા દેરાસરના વાર્ષિક સાધારણના નકરા (તા. ૦૧.૦૪.૨૦૨૪ થી તા. ૩૧.૦૩.૨૦૨૫) દરેકના રૂા. ૧૧,૦૦૦/- પ્રમાણે નીચે મુજબ છે. (૧) વાસક્ષેપ પૂજા (૨) પક્ષાલ પૂજા (૩) અંગલુછણા (૪) ચંદન પૂજા (૫) ફૂલ પૂજા (૬) ધુપ પૂજા (૭) દીપક પૂજા. વહેલા તે પહેલાના ધોરણે મુંબઈ કાર્યાલયે નામ લખાવવા વિનંતી.

**નોંધ :** (૧) આગામી ઓગણીસમી ધ્વજાનો પાવન દિવસ તા. ૦૮.૦૩.૨૦૨૪ને શુક્રવારના નિર્ધારિલ છે. ગામવાસી તથા દેશાવર વસતા સહુને બહોળી સંખ્યામાં પધારવા ભાવભર્યુ આમંત્રણ છે.

**એજ લી. શ્રી ક.દ.ઓ. સેવક ભરૂડિયા અચલગચ્છ જૈન સંઘ વતી ટ્રસ્ટીગણ**


❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA

● પારસી ભરત અને બટકસબની સાડીઓ તૈયાર તેમજ ઓર્ડરથી ● સાચી જરીની સાડીઓ બોર્ડર ● જુના સાચા ઘરચોળા ● કસબના ચણીયા-ચોલી બજારથી વધારે ભાવથી વેંચવા મહાવીર-માટુંગા લઈ આવો, તરત જ ફાઈનલ.

**શ્રી મહાવીર એમ્બ્રોયડરી**
રાજ નિકેતન બિલ્ડીંગ HDFC ની બાજુમાં, ફુલ ગલ્લીની સામે,
માટુંગા સે.રે. ૮૬૫૨૨ ૩૯૫૩૭ / ૯૮૩૩૯ ૧૬૫૧૦ સોમવારે બંધ

❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA


## જાહેરાતદારોને નિવેદન

આપ જ્યારે જાહેરાતની મેટર મોકલાવો ત્યારે તેની સાથે બીલ કોના નામનું જોઈશે તે જણાવશો. સાથે આપનું સરનામું, કોન્ટેન્ટ પર્સનનો મોબાઈલ નંબર અચૂક મોકલવા વિનંતી. પેમેન્ટ મોકલ્યા પછી પેમેન્ટ ટ્રાંજેક્શન સ્લીપ કે પે સ્લીપ સાથે મોબાઈલ નંબર મોકલવા જેથી રકમ આપના ખાતામાં જમા લઈ શકાય.

એ પોઝીટીવ સ્ટોરી

# ઐસા ભી હોતા હૈ!

**C.A. કુલીનકાંત ચાંપશી લુઠીયા**– ટ્રસ્ટી, માનવ જ્યોત
મો.નં.– 98200 39469



તાજેતરમાં ગુજરાતમાં અરવલ્લી જિલ્લામાં બાયડ ખાતેના જય અંબે મંદબુદ્ધિ મહિલા સેવા આશ્રમમાં અનોખી કહાની સર્જઈ;

ઘણા સમયથી વિખુટા પડેલ તેલુગુ ભાષી માતા અને પુત્ર એક છત્ર છાયામાં રહેતા હોવાનું સામે આવ્યું.

જય અંબે મંદબુદ્ધિ મહિલા સેવા આશ્રમની સેવાની જ્યોત સમગ્ર ગુજરાતમાં પ્રજવલિત થઈ રહી છે, ત્યારે.. હાલ, આ આશ્રમમાં ૧૭૭ મહિલા તેમ જ ૩૧ પુરુષો આશ્રય લઈ રહ્યાં છે . અત્યાર સુધી આ આશ્રમમાં ઘણા બિનવારસી લોકોને આશ્રય આપી તેમની સેવા કરી પોતાના વતન કે પરિવારને સોંપવાની ઉમદા કામગીરી થઈ છે . તો કેટલાક બિનવારસી લોકો માટે અન્ય રાજ્યના હોવાથી તેમની ભાષાને લઈને પરિવાર સુધી પહોંચવાની સમસ્યાઓ આવતી હોય છે. એવામાં, જય અંબે મદબુદ્ધિ મહિલા સેવા આશ્રમમાં એક પરિવારની કરૂણતા સાથે ખુશીની વાર્તા સર્જાઈ હોવાની ઘટના સામે આવી છે.

તારીખ ૨૯/૧૧/૨૦૨૩ ના રોજ કલાવતી નામની મહિલાને આશ્રમના સ્વયંસેવીઓ દ્વારા રણાસણથી રેસ્ક્યુ કરવામાં આવે છે. એના ઠીક બારએક દિવસ પછી સૂર્યાપ્રકાશ નામના વ્યકિતને બિનવારસી હાલતમાં હિંમતનગર ખાતેથી રેસ્ક્યુ કરવામાં આવ્યા. જે વાતને આજે બે એક મહિના થવા આવ્યા. પણ બંનેની ભાષા તેલુગુ હોવાના કારણે એમની  વાતો સમજવામાં આશ્રમના પ્રતિનિધિઓને સમસ્યાઓ આવતી હતી.

પરંતુ, સંસ્થામાં તેલુગુ ભાષાના જાણકાર પારસભાઈ માળીએ બંને સાથે વાત કરતાં જાણવા મળ્યું હતું કે તેઓ બંને માતા– પુત્ર છે. જેમાં, માતા તેમના બે પુત્રો સૂર્યા પ્રકાશ અને શિવા પ્રકાશને લઈને નીકળ્યા હતા અને માનસિક હાલતને કારણે તે વિખુટા થઈ ગયા હતા ઐસા ભી હેતા હૈ. મા–દિકરાનું પુનઃ મિલન થતાં હાલ, તેઓ એકબીજાને જોઈ અને એક છત્રમાં સાથે રહેતા હોવાનું જાણી ખુશ થઈ ગયા હતા. માતા પુત્ર ચેન્નાઈના કુલચી, કુલમપટ્ટીના હોવાનું સામે આવ્યું છે. ત્યારે, આશ્રમના પ્રમુખ અશોકભાઈ જૈનએ જણાવ્યું હતું કે, અત્યાર સુધી આશ્રમમાં ઘણા બિનવારસી મહિલા અને પુરૂષોનું રેસ્ક્યુ કરવામાં આવ્યું છે. પણ, પહેલી વાર આશ્રમમાં એક વાર્તા સર્જાઈ છે. જે આશ્રમના આંગણે માતા અને દીકરાને મળવાનું નિમિત્ત બન્યું છે. અમે તેમના પરિવારને સુધી પહોંચવા માટે પ્રયત્ન કરી રહ્યા છીએ. હાલ, માતા અને પુત્ર બંને મળીને ખૂબ જ ખુશ છે, ત્યારે, માતા અને પુત્રના આ મિલનની વાતથી આશ્રમમાં સહુ કોઈએ ખુશી વ્યકત કરી હતી.

આપણો અશોક જૈન અરવલ્લી જિલ્લાના પછાત વિસ્તારમાં અત્તરના પુમડા સર્વત્ર મહેંક ફેલાવે, તેમ સેવાની સુગંધી ફેલાવે, તે સમસ્ત સમાજ માટે ગૌરવની વાત છે.

**શાંતિભાઈ એટલે જ સાડીઓના માસ્ટર માઈન્ડ**
નિષ્ણાંત નજર, સાડી અને વર્કની પરખ, વર્ષોનો અનુભવ એટલે જ સાડી પારસી વર્ક, હોય કે જીક કસબ કે પીટા વર્ક કે બટ કસબ. હાથ વર્ક અને મશીન વર્કની સાડીઓનો રેડી સ્ટોક. વળી ઓર્ડરથી તો બનશે જ અને અલ્ટ્રેશન પણ કરી આપવામાં આવશે. સાચી જરીની સાડીઓ વેચી આપવામાં આવશે. અમારી બીજી કોઈ શાખા નથી
Sonal ART
**સોનલ આર્ટ–(થાણા) Mob.: 99678 41792**
'શિવમ', ડી–૨૦૧/૨૦૨, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ, રોડ નં. ૯, શિવસેનાના ઓફીસની સામે, થાણા–૪૦૦ ૬૦૪.

## માણસ

કદી કોડી કાજે લડે છે આ માણસ,
ને લાખો લૂંટાવી રહે છે આ માણસ.

ગરજે તો વરસે ના વાદળ સમો છે.
ફૂલીને આકાશે ચડે છે આ માણસ.

આંખોમાં ડૂબે છે, ઝૂમે છે મલકે છે,
સપનાંની સીડીથી પડે છે આ માણસ.

બનાવટ કરીને બધાને બનાવે
કદી જાતને પણ છળે છે આ માણસ.

સર્જી છે જેણે આ બહુરંગી દુનિયા
પત્થરના ઈશ્વરને ઘડે છે આ માણસ.

અણુબમ બનાવી જલાવે છે જગને,
અંતરની આગમાં બળે છે આ માણસ.

**– પ્રફુલ જોષી**

# અયોધ્યામાં પ્રાણપ્રતિષ્ઠા એટલે વિકાસનું મહત્ત્વનું સોપાન

અયોધ્યા નગરી સ્વર્ગ સમી બની ચૂકી છે એટલું જ નહીં, પરંતુ ભારત દેશ આજે રામમય બની ચૂક્યો છે ત્યારે વિપક્ષો અને ડાબેરી વિચારસરણી ધરાવતા લોકો અયોધ્યામાં રામલલ્લાના પુનઃસ્થાપનથી દેશના સામાન્ય નાગરિકને શું ફરક પડશે એવા નકારાત્મક પ્રશ્નો કરી રહ્યા છે. જ્યારે હકીકત તો એ છે કે રામલલ્લાની પ્રાણપ્રતિષ્ઠા બાદ દસે દિશાએ તેની શુભ અસરો થવાની શરૂઆત થઇ ચૂકી છે અને પ્રાણપ્રતિષ્ઠા વિકાસનું પ્રથમ સોપાન બની ચૂક્યું છે. અહી વિકાસની અપાર શક્યતાઓ સાકાર થઇ રહી છે. વિશ્વભરમાં ભક્તિસભર ઉત્સાહનો માહોલ સર્જાયો છે ત્યારે આ ધાર્મિક અને ઐતિહાસિક અવસરે એફએમસીજી કંપનીઓ અને ફૂડ સર્વિસ ચેઈન્સને અયોધ્યા નગરીમાં મોટું બજાર દેખાઈ રહ્યું છે.

હવે પછીના સમયમાં હિંદુ ધર્મના મોટા મંદિરો લોકોની શ્રદ્ધાના કેન્દ્રો બનશે અને વધુમાં વધુ સંખ્યામાં યાત્રાળુઓ આ મંદિરોના દર્શને જશે જેને કારણે ત્યાંના આર્થિક વિકાસને નવો વેગ મળશે.

શ્રીરામ જન્મભૂમિ મંદિર શ્રદ્ધાળુઓ માટે ૨૩મી જાન્યુઆરીથી વિધિવત ખુલી ગયું છે અને હવે અયોધ્યા વૈશ્વિક પર્યટન સ્થળમાં વિશિષ્ટ સ્થાન ધરાવતું થઇ ગયું છે. વર્ષાનુવર્ષ અહીં લગભગ પાંચ કરોડ યાત્રાળુઓ દર્શન કરવા આવશે એવી નિષ્ણાતોની ધારણા છે. યાત્રાળુઓ અને પર્યટકોની સંખ્યા વધવાને કારણે તમામ ચીજો અને અને સેવાઓની માગ વધશે. આ વિકસનારા બજારમાં રોકાણ કરવા માટે વિવિધ ઉત્પાદનો બનાવતી અનેક કંપનીઓએ અયોધ્યામાં રોકાણની યોજના ઘડી છે.

દેશની સૌથી મોટી મિનરલ વોટર કંપની બિસ્લેરી ઈન્ટરનેશનલ અયોધ્યામાં નવો બોટલિંગ પ્લાન્ટ સ્થાપી રહી છે જે પ્લાન્ટ ઉતર પ્રદેશની આસપાસના બજારોની માંગને પૂરી પાડવાની સાથે સાથે રોજગારીની અનેક નવી તકો સર્જશે. અત્યારથી જ અયોધ્યામાં પૂજન સામગ્રી, ધાર્મિક ચીજ વસ્તુઓ, ઠંડા પીણાં, નાસ્તા તેમજ રોજીંદા વપરાશની અનેક વસ્તુઓની માંગમાં થનારા વધારાની અપેક્ષાએ Fast Moving Consumer Goods (એફએમસીજી) કંપનીઓ પોતાની વિતરણ વ્યવસ્થા વિસ્તારી રહી છે. આ ઉપરાંત ત્યાં દરેક વર્ગના યાત્રાળુઓના નિવાસ માટે અનેક સાદી હોટલોથી લઈને ફાઈવ સ્ટાર હોટલો બાંધવામાં આવી રહી છે જેમાં કામ કરવાવાળા હજારો લોકોને રોજગારી મળશે.

એક મંદિર સમગ્ર શહેર આર્થિક રીતે, રાજકીય રીતે, સામાજિક રીતે સમસ્ત સમૂહ (community) ઉપર અસર કરી શકે છે અને તેના વિકાસનો આધાર બની શકે છે તેનું આ ઉદાહરણ છે. એક શહેરના સર્વાંગી વિકાસ માટે જે જે જરૂરિયાતો છે તે સર્વને મંદિર પૂરી પાડે છે. કોવિડ કાળમાં મારા એક મિત્રને ઉત્તરકાશીના નિવાસી એક ટેક્સી ડ્રાઈવરે કહ્યું હતું, સાહેબ, બદ્રીનાથ અને કેદારનાથ અડધા હિમાલય વિસ્તારને રોજી રોટી પૂરી પાડે છે. સમગ્ર વૃંદાવન વિસ્તારને તો મંદિર જ આજીવિકા પૂરી પાડે છે. રીક્ષાવાળાથી લઈને એરોપ્લેનવાળાને રોજી રોટી જગન્નાથ ભગવાનને કારણે મળે છે. તિરુપતિના લાડુ સમગ્ર વિશ્વમાં પ્રસિદ્ધ છે. એ લાડુ બનાવવા માટે કેટલી ચીજો ખરીદવામાં આવે છે? લાડુ બનાવનારા સેંકડો રસોઈયાઓને કામ મળે છે. કહેવાનું તાત્પર્ય એ કે એક મંદિર એક શહેર જ નહીં, સમસ્ત દેશના વિકાસ ઉપર સકારાત્મક અસર કરી શકે છે.

(શિક્ષણ જ્યોતમાંથી સાભાર)

**વિગતવાર સમાચાર મોકલવામાં ઔચિત્ય - મર્યાદા**

જ્ઞાતિ સંસ્થાની પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોના સમાચારો સમાચાર વિભાગમાં પ્રકાશિત કરવા મોકલતી વખતે મુખ્ય વિગતો જ જણાવવા વિનંતિ છે. દીપ પ્રાગટ્ય, નવકાર મંત્ર પઠન, કોણે કોનું સન્માન કર્યું, ઇનામો-પારિતોષિકો મેળવનારનાં નામો, પર્યુષણમાં કયું સપનું કોણે પધરાવ્યું, ક્યા ક્યા વિશિષ્ટ મહાનુભાવો હાજર રહ્યા હતા જેવી વિગતો સમાચારમાં લઇ શકાતી નથી.

**Note to Advertisers**

Please send billing Name, Address and Contact Person Name & Mobile No for Advt. with matter.

After made payment of the Advt. send the payment transaction slip or pay slip with your name & contact No. For Accounting Process.

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### દિલ્હી ગુજરાતી સમાજ દ્વારા પરિચય સંમેલન

તા. ૩૧.૩.૨૦૨૪ના રોજ મંગલ મિલનનું આયોજન કરે છે, મંગલ મિલન લગ્ન પરિચય સંમેલન ભારતભરના વિવિધ ગુજરાતીઓ સાથે સંપર્ક સાધીને વિવાહ યોગ્ય યુવક-યુવતીઓને મંચ આપવાનો નમ્ર પ્રયાસ છે. એની લિંક આ રહી https://forms.gle/yNDqG4G9WFbZHp1UA અથવા એ માટેનું ફોર્મ ભરીને સ્કેન કરીને અમારા ઈમેઈલ delhimangalmilan@gmail.com પર મોકલી આપો.

### મુંબઈ મહાજન-અનંતનાથ ટ્રસ્ટ આયોજીત સમ્મેત શિખરજી યાત્રા

મુંબઈ મહાજન અને અનંતનાથજી ટ્રસ્ટ આયોજીત પંચવર્ષીય દાતા પરિવારોના સહયોગથી સમ્મેત શિખરજી સહ પંચતીર્થી મહાયાત્રા પર સ્પેશ્યલ એસી ટ્રેઈનને મુંબઈ મહાજનના પ્રમુખ નયનભાઈ ભેદાએ લીલી ઝંડી બતાવી યાત્રાનો શુભારંભ તા. ૩૦ જાન્યુઆરીના કરાવ્યો હતો.

આઈઆરસીટીસી અને અડાણી ફાઉન્ડેશન દ્વારા યાત્રિકોનું બહુમાન કરાયું હતું એમ માનદ્‌મંત્રીઓ ચેતનભાઈ મોતા અને રાજુલબેન ભદ્રેશ પટેલે જણાવ્યું હતું.

### વડોદરા કદઓ જૈન વિમલનાથભક્તિ ગ્રુપ

વડોદરા કદઓ જૈન વિમલનાથ ભક્તિ ગ્રુપ દ્વારા તાજેતરમાં બલસાણા (મહારાષ્ટ્ર)ના વિમલનાથ દાદાની યાત્રા યોજવામાં આવી હતી. ૨૭ યાત્રિકોનું જૂથ મગડિયાના ઋષભદેવ દાદા, અંકલેશ્વર, સુરત નજીકના લબ્ધિ વિક્રમ રાજયશ સૂરીશ્ર્વરજી તીર્થ બાલેશ્વર શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાન અને વિમલનાથ ધામ બલસાણા જિનાલયમાં પૂજન, અર્ચન, રાત્રિ રોકાણ બાદ જોર ખાતે મનોવાંછિત પાર્શ્વનાથ પ્રભુના દર્શન બાદ વડોદરા પરત ફર્યા હતા.

### સ્કેટીંગ ચેમ્પિયન કુ. તત્વિકા લોડાયા

વારાપધ્ધરના હૈદ્રાબાદ નિવાસી તત્વિકા ભાવેશ મણીલાલ લોડાયા તાજેતરમાં હૈદ્રાબદમાં આયોજીત ૬૭મા સ્કુલ ગેઈમ્સ ફેડરેશન, તેલંગાણા સ્ટેટ સ્કેટીંગ ચેમ્પિયનશીપ ટુર્નામેન્ટમાં ૧૦૦૦ મીટર સ્વૉડ રીંગમાં સિલ્વર અને ૩૦૦૦ મીટર રોડ ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ અંકે કરી. અંડર-૧૯ વર્ગની રાંચી ઝારખંડ ખાતે યોજાનારા નેશનલ સ્કુલ ગેમ્સમાં તેલંગાણાનું પ્રતિનિધિત્વ કરશે.

### મેકરણ દાદા પર ફિલ્મ

અમદાવાદ ખાતે યોજાયેલા સિને મેજીક કાર્યક્રમમાં કાવડિયા સંત મેકરણ દાદા પર ગુજરાતીમાં ફિલ્મ બનાવવાની જાહેરાત કરવામાં આવી હતી.

જીનામ ફિલ્મ એન્ડ ઑડિયો વિઝુઅલ પ્રોડક્શનના વિજય જોષીએ જાહેર કર્યું હતું કે પ્રેમજી લહેરૂએ આપેલી માહિતીના આધારે ફિલ્મનું નિર્માણ કરવામાં આવશે.

### કેડીઓ ભવન-અમદાવાદ

કેડીઓ જૈન જ્ઞાતિ મહાજન અમદાવાદમાં કેડીઓ ભવનના સ્વપ્ને સાકાર કરવાની દિશામાં પ્રથમ સોપાન પાર પડ્યું છે. પ્રથમ સોપાનરૂપે ભવન માટે પ્લોટના દસ્તાવેજનું કામ મહાજન પ્રમુખ જીતેન્દ્રભાઈ ખોના, મેનેજીંગ ટ્રસ્ટી ગુલાબભાઈ દંડ તથા ટ્રસ્ટ એ કારોબારીના સભ્યોના પ્રયાસથી સફળ થયું છે.

સકલ જૈન વિદ્યાર્થીઓ માટે સનદી સેવા પરીક્ષા તાલિમ જીઓના નેજા હેઠળ બધાજ જૈન વિદ્યાર્થીઓ માટે ભારતીય વહીવટી સેવા (આઈએએસ) પોલીસ સેવા (આઈપીએસ), વિદેશ સેવા (આઈએફએસ) અને રાજસ્વ સેવા (આઈઆરએસ)ની પરીક્ષા માટે તદ્દન નિ:શુલ્ક રહેઠાણ, ગાઈડન્સ અને કોચીંગની વ્યવસ્થા છે. રજિસ્ટ્રેશનની છેલ્લી તા. ૩૧ માર્ચ ૨૦૨૪ અને સીઈટી પરીક્ષા તા. ૨૮ એપ્રિલ ૨૦૨૪ના છે. વધુ માહિતી માટે જીઓ વેબસાઈટ www.jcjtf.com જોવી.

### કેન્યાની મુલાકાતી મહિલાઓને કચ્છી ભરતની સાડી લાગી સોહામણી

રોટરી ઈન્ટરનેશનલના કલ્ચરલ એક્સચેન્જ કાર્યક્રમ હેઠળ કેન્યાના ૧૫ ડેલીગેટ્સ તાજેતરમાં હુબલીની મુલાકાત લીધી હતી. ડેલીગેટ્સ ટીમની બે મહિલા સભ્યો રોટરી ડિસ્ટ્રીક્ટ સેક્રેટરી પ્રો. ડૉ. મહિમા મોહિત દંડના નિવાસસ્થાને એક દિવસ માટે મહેમાન હતી. ડૉ. મહિમાજીએ પસંદ કરવા માટે સાડીઓ ઓફર કરી હતી. જે પૈકી બંને સભ્યોએ ગ્રાંડ રોટરી ડિનર માટે પહેરી હતી. આ

બંને મહિલાઓ ડિનરમાં સ્ટાર બની ગઈ હતી. બધાએ સેલ્ફી લીધી અને કેન્યન મહિલાઓને લીલા રંગના કચ્છી ભરતની સાડી ખૂબ ગમી ગઈ હતી.

અત્રે નોંધ લેવી જોઈએ કે આ ભરતકામ ડૉ. મહિમાની દાદીએ કર્યું હતું. ઉમેરવું રહ્યું કે બંનેએ સાડીઓ ખરીદવાનો નિર્ણય કર્યો હતો.

**કલ્પવૃક્ષ યોજના**

કલ્પવૃક્ષ યોજના હેઠળ વૃક્ષ નોંધાવનારા જ્ઞાતિજનોને તેમના રોકાણના નાણા પરત આપવામાં આવી રહ્યાં છે. જાણ થાય મુજબ અત્યાર સુધી લગભગ દોઢ કરોડ રૂપિયા પાછા આપી દેવાયા છે.

જો કે હજી ઘણાની પૂછપરછ આવે છે. કોઈને પાકી માહિતી નથી કે સર્ટીફિકેટ નથી મળી રહ્યા તે લોકોએ એકમના કાર્યલય કે ઈ-મેઈલ, ફોન દ્વારા હોદ્દેદારોને સંપર્ક સાધવાની ભલામણ છે. Email: dbkdoekkam@gmail.com.


Exclusive Embroidery & Upto date Finishing

જ્યોતિ *Sachi Jari maate real nam*

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ, માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.

Tel.: 2404 3995 / 83692 52836 Sunday Closed

Originally at Zaveri Bazar since 1976 Follow us on



MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ

**Old is Gold But Gold is never Old**

પણ એ old આઈટમ ને ક્યાં વેંચવી અને એની સાચી Value જાણવા માટે આપણા વડીલોની જુની અને જાણીતી દુકાન એટલે મહાવીર સારીઝ (સાંતાક્રુઝ-વે), ગ્રાહકને ફાયદો વધારે એવી એક માત્ર દુકાન. તમારા દિલ અને દિમાગમાં નામ અને સરનામુ Feet કરી દો. કબાટ ખોલો અને ઉપયોગમાં ન આવે તેવી ફક્ત

- સાચી જરીની સાડી, ચણીયા ચોળી
- સાચી જરીના ઘરચોળા-બોર્ડર-બ્લા
- સાચી જરીના સેલા
- સાચી જરીની બટકસબ તથા આરીવર્કની સાડી-ચણીયા-ચોળી
- સાચી જરીના ચંદરવા-પોઠીયા
- સાચી જરીની છુટ્ટી ટીકી-સુરમો-કસબ-ઘુઘરી
- અમારી દુકાને વેચવા લઈ આવો ને રોકડા રૂપિયા લઈ જાઓ.
- ઘર બેઠા તમારી જુની સાચી જરીની Item વેંચો, ફક્ત એક ફોન કરો, અમે તમારી સેવામાં હાજર.
- રોકડા રૂપિયા-સંતોષકારક વળતર One Shot Final

**મહાવીર સારીઝ,** મોદી ચાલ, શોપ નં.૨, સીઝન્સ શો રૂમની સામે, સ્ટેશન રોડ, સાંતાક્રુઝ (વેસ્ટ).

M. : 91 3714 6272 / 96195 54801 (SUNDAY CLOSED)

MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ


## ઊંટડીના દૂધને ઑર્ગેનીક સર્ટીફિકેશન

દેશમાં સહુ પ્રથમ વખત 'કેમલ મિલ્ક ઓર્ગેનિકસર્ટીફિકેટ' કચ્છની સરહદ ડેરીને મળ્યું છે. સર્ટીફિકેટ સ્વીકારના સરહદ ડેરીના પ્રમુખ અને અમુલના ઉપપ્રમુખ વલ્લમજીભાઈ હુંબલ વરસોથી ઊંટડીના દૂધના વ્યવસાયીક ઉપયોગ માટે પ્રયત્નશીલ છે. ધીરેધીરે ઊંટડીનું દૂધ એક પછી એક પ્રગતિના સોપાન સર કરી રહ્યું છે.



વર્ષ ૨૦૧૩માં ગુજરાતના તત્કાલીન મુખ્યપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ઊંટડીના દૂધ અને ઊંટ સંવર્ધકોના ઉત્થાન માટે કામ કરવાનું સૂચન કરેલું. સરહદ ડેરીએ એ પડકાર ઝીલી લઈ ૨૦૧૭માં ઊંટડીના દૂધનું સંગ્રહ શરૂ કર્યું. ૨૦૧૯માં લાખોંદ ખાતે રાપર અને નખત્રાણા ખાતેના ચિલિંગ સેન્ટરો પર માત્ર ૩૦૦ લીટર દૈનિક મિલ્ક સંગ્રહ શરૂ કર્યું જે વધીને હાલ ૩૫૦૦ થી ૪૦૦૦ લીટર દરરોજ થાય છે. હાલ રાપર, નખત્રાણા, રાજપર, કોટડા આથમણા અને દયાપર ખાતે એકત્ર કરાય છે.

ઊંટડીના દૂધમાં ઈન્સુલીન, વિટામીન-સી પ્રચુરમાત્રામાં છે. ફેટનું પ્રમાણ ઘણું ઓછું છે. આથી ડાયાબિટીઝ, બ્લડપ્રેશર વગેરેમાં ઊંટડીના દૂધના સેવનથી લાભ મળી શકે છે.

ડૉ. ઠાકરશી ગોવિંદજી મૈશેરી વધુમાં જણાવે છે કે ઊંટડીનું દૂધ કેન્સર, ઉદર રોગ વગેરેમાં પણ ખૂબ ફાયદાકારક છે. આની 'ચા' ની સોડમ ઉત્તમ, ઘટ્ટ અને સ્વાદ શ્રેષ્ઠ છે. ઊંટડીના દૂધના ઉપયોગથી જ્યાં આરોગ્ય લાભ થાય છે તે સાથે ઊંટ સંવર્ધકોના જીવન ધોરણમાં સુધારો થઈ શકે છે.

(લેખ નયા પડકાર સામયિકના સૌજન્યથી ડૉ. મૈશેરી દ્વારા આપેલી માહિતીના આધારે).

## વતનના વર્તમાન
### સંકલન : કેસરસિંહ ખોના

**આંધ્રપ્રદેશનો આઈકોન એવોર્ડ વિજેતા ૨૪ વર્ષીય ચૈતન્ય નરસિંમ્હબુ**

ગુરૂમની સાઈકલ યાત્રા સંબંધી વિશ્વ વિક્રમ નોંધાવવાના લક્ષ્ય સાથે કોઠારા ગામે પહોંચ્યો હતો. બી. ફાર્મા શિક્ષિત આ તરૂણ અત્યાર સુધી ૨૬૦ દિવસમાં ૧૮ હજાર કિ.મી.ની યાત્રા કરી ચૂક્યો છે. પ્લાસ્ટીકનો ઉપયોગ ન કરવાના સંદેશ સાથે સંપૂર્ણ ભારત યાત્રા માટે તેને હજી ૬૨૫ દિવસ લાગવાના છે.

ઈમરજન્સી ઉપયોગ માટે ભોજન બનાવવા ગેસ બોટલ અને બેટરી તથા પોર્ટેબલ ટેન્ટ રાખે છે. રોજના ૮૦ થી ૧૦૦ કિ.મી. અંતર કાપે છે.

**કાઠડાના ડૉ. ગઢવીને રાષ્ટ્રપતિ ચંદ્રક**

કાઠડા માંડવી કચ્છના વાયુસેનામાં એંજીનિયર તરીકે ફરજ બજાવતા ડૉ. વિશાલ કરસન ગઢવીને એંજીનિયરીંગ ક્ષેત્રે વિશિષ્ટ કામગીરી બદલ રાષ્ટ્રપતિચંદ્રક માટે પસંદ કરાયા છે.

એંજીનિયરીંગમાં પીએચડી ધરાવતા ડૉ. વિશાલજીએ સંશોધન માટે બે પેટેન્ટ મેળવેલા છે. અને ત્રીજું પેટન્ટ મેળવવાની દિશામાં અગ્રેસર છે.

**માંડવી બીચનો વિકાસ**

માંડવીના મનોરમ્ય બીચને રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય ખ્યાતિ અપાવવા વિકાસ યોજના હાથ ધરાઈ છે.

વિકાસ યોજના હેઠળ દરિયાની મોજ માણવા તથા રાત્રી રોકાણ માટે ટેન્ટ સિટી ઉભારવામાં આવી છે. બીચ ઉપર સ્પોર્ટ એડવેન્ચર, આર્ટ કલ્ચર અને માંડવીની આસપાસના દર્શનીય સ્થળોની ટૂરનો સમાવેશ કરાયો છે.

**સચ્ચા મા કચ્છી જૈન ભાવિક સંઘ વડોદરા**

વડોદરામાં નિવાસ કરનારા શ્રી સચ્ચા મા ને નમતા ભાવિક પરિવારો દ્વારા માતાજીની ૩૧મી સમુહ પહેડીનું મહા સુદ-૨, સંવત ૨૦૮૦, તા. ૧૧.૨.૨૦૨૪ રવિવારના રોજ ઉજવવામાં આવશે. આના ફોડ ધોરણે થનારી ઉજવણીમાં ભાગ લેવા ભાવિકો અને નિયાણી બહેનોને સહકુટુંબ આમંત્રણ છે.

**ગણતંત્ર દિવસે હુરબાઈના કરતબ**

કોડાયની માલધારી દિકરી હુરબાઈ મહમ્મદ હુસૈન જુણેજાએ ગણતંત્ર દિવસે બુલેટ ટીમના ભાગરૂપે મોટર સાઈકલ પર વિશેષ કરતબ રજુ કર્યા હતા.

ત્રણ વર્ષથી બીએસએફમાં ફરજ બજાવતી હુરબાઈએ આ કરતબ રાષ્ટ્રપતિ મહામહિમ દ્રૌપદી મુર્મુ, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, ફ્રાંસના રાષ્ટ્રપતિ ઈમેન્યુલ મૅક્રો અને અન્ય ઉચ્ચાધિકારીઓ સમક્ષ રજુ કર્યા હતા.

**કોઠારા સુધી રેલવે પહોંચી**

મહાપંચ તીર્થી ધામ કોઠારા સુધી રેલવે ટ્રાયલ થઈ રહ્યું છે. આથી આગામી થોડા જ સમયમાં ભુજ કોઠારા ગાડી ચાલુ થઈ જશે એવી આશા બંધાઈ છે. દેસલપર સણોસરા એંજીન ટ્રાયલ રન તાજેતરમાં પુરી થયેલી રેલવે ગેઝ કન્વર્સન પ્રક્રિયા હેઠળ યોજાયું હતું.

**કોઠારા જૈન મહિલા મંડળની રજત જયંતિ**

માતુશ્રી કાંતાબેન ગોવિંદજી અજાણી દ્વારા સ્થાપિત 'કોઠારા જૈન મહિલા મંડળ'ની હાલમાં જ તા. ૨૪.૧.૨૪ના રજત જયંતિ વર્ષની ઉજવણી કરવામાં આવી. કાર્યક્રમનો પ્રારંભ શિલ્પાબેન તથા દિવ્યાબેન લોડાયા દ્વારા કરાયો. મંડળના પ્રમુખ શ્રીમતી પૂજાબેન લોડાયા અને કલ્પનાબેન ધરમશી દ્વારા ૨૫ વર્ષનો અહેવાલ રજૂ કરાયો હતો.

**પ.પૂ. મુનિરાજ કંચન સાગરજી મ.સા. (બાપા મ.સા.)**

બાપા મહારાજના હુલામણા નામે જાણીતા પ.પૂ. મુનીવર કંચનસાગરજી મ.સા. સંયમના ૪૦માં વર્ષે ભુજ નગરે કાળધર્મ પામ્યા છે. કાંડાગરાના શ્રાવક માવિત્ર દેવકાંબાઈ નરશીભાઈ ગાલાના સુપુત્ર મુનીરાજ કંચનસાગરજી મ.સા.ને અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. ગુણસાગરસુરીશ્વરજી મ.સા. શિષ્ય થઈ સંયમ જીવનનો પ્રારંભ કર્યો હતો.

**પ.પૂ. હિત પ્રજ્ઞાશ્રીજી મ.સા.નું દોયની આરાધના તપ**

સુથરી તીર્થે સ્થિરતા ધરાવતા પ.પૂ.સા. હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. ચત્તારી અઠ્ઠદસ દોયની આરાધના તપમાં પ્રવૃત્ત છે. મત્થેણવંદામિ.

**અજીતનાથજી જિનાલય માંડવી**

બંદર રોડ માંડવી ખાતે સ્થિત અજીતનાથ જિનાલયની ૧૪૩મી વર્ષગાંઠ મહાસુદ ૫, તા. ૧૩..૨.૨૦૨૪ના રોજ

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : એક સદ્‌ગૃહસ્થ જ્ઞાતિજન**

ઉજવવામાં આવશે. ઉજવણી પ્રસંગે સત્તરભેદી પૂજા, પશ્ચાત ધ્વજારોહણનું આયોજન રહેશે. પ્રવીણભાઈ ગોરના સથવારે સંગીતની વ્યવસ્થા છે.

### વર્લ્ડ વેટલેન્ડ્સ ડે

દર વરસે ફેબ્રુઆરી તા. ૨(બે)ના દિને વેટ્સલેન્ડ ડે ઉજવાય છે. આની શરૂઆત કેસ્પિયન (કશ્યમ) સાગરના કાંઠે વસેલા ઈરાનના શહેર રામસરમાં વેટલેન્ડ સંમેલન તા. ૧.૨.૧૯૭૧ના યોજાયો હતો. તેને અનુલક્ષી વેટલેન્ડ ડે ઉજવાય છે.

### પં. પીતામ્બર સંસ્કૃત મહોત્સવ

શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી, ભુજના સંસ્કૃત વિભાગ અને સંસ્કૃત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા યુનિયન બેન્કની કચ્છ યુનિવર્સિટી બ્રાંચના સહયોગથી કચ્છના વિદ્વાન સંસ્કૃત સાહિત્યકાર પં. પીતાંબરની સ્મૃતિમાં પંડિતજીના પ્રપૌત્ર પં. બિપીનભાઈ પ્રવચન આપશે.

### વજાભગતની ૩૫મી પુણ્યતિથી

માંડવી તાલુકાના કાઠડા ગામના વજાભગતની રામકૃષ્ણ કુટીર આજે પણ મૌજુદ છે. વજાભગત (મૂળનામ વરજાંગ કાનાણી) ચારણી સમાજમાં ઘર કરી ગયેલી અશિક્ષા, વ્યસન મુક્તિ તથા નારીપીડક બદીઓ દૂર કરવા બાબત આજીવન ઝઝુમ્યા હતા. હાલમાં તેમની ૩૫મી પુણ્યતિથી ઉજવવામાં આવી હતી.

### કચ્છ અને રેલવે

કચ્છની આમ તો રેલવે સંબંધી માગણી અવારનવાર થયા કરતી હતી. પણ કંડલા અને મુંદ્રા બંદર ઉપરાંત વધી રહેલી ઔદ્યોગિક અને ખનીજ કામ પ્રવૃત્તિના લીધે સરકારને રેલવેનો વ્યાપ વધારવો જરૂરી થઈ ગયો છે. આથી હાલના વચગાળાના બજેટમાં કચ્છમાં રેલવે વિસ્તરણ માટે રૂા. ૪૯૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આ જોગવાઈના અનુસંધાને સામખીયાળી ગાંધીધામ ચાર લાઈન માટે રૂા. ૧૦૦ કરોડ, આદિપુર ગાંધીધામ ચાર લાઈન માટે રૂા. ૧૦ કરોડ ભુજ નલિયા-વાયોર એક્સટેન્શન માટે રૂા. ૩૫૦ કરોડ આ ત્રણ કોરીડોરના પરિણામે જખૌ-હાજીપીર વગેર વિસ્તારોમાં કનેક્ટીવિટી કામગીરીમાં વેગ આવશે.

### કલરાવાંઢમાં સંસ્થાએ શાળાના મકાનનું લોકાર્પણ

ભોજાય સર્વોદય ટ્રસ્ટના ચેરમેન લીલાધર ગડા 'અધા'ના અધ્યક્ષસ્થાને અને 'દિવ્ય ભાસ્કર' તંત્રી નવીન જોશીના અતિથી પદે યોજાયેલા લોકાર્પણ કાર્યક્રમમાં શાળા માટે આર્થિક સહયોગ આપનારા શામળાભાઈ જખુભાઈ ગઢવી (પાંચાટીયા), હિરબાઈ ચનાભાઈ નાગડા (વિંઢ), સેતુ અભિયાન (દયાપર), માનસી (બિદડા), મધુકાંત ખેતશી મહેશ્વરી સહિતનાં જોડાયા હતા.

### કચ્છ જળ મંદિર અભિયાન ૨૦૨૪નો લખપતના બરંદાથી આરંભ : ૬૦ તળાવોનું સમારકામ કરાશે

કચ્છના દુર્ગમ અને ભુગર્ભ જળ ક્ષેત્રે 'નોસોર્સ' જાહેર થયેલા સરહદી લખપત તાલુકામાં વરસાદી જળનો શ્રેષ્ઠ સંગ્રહ થાય અને પશુપક્ષીઓને સદા પીવાનું પાણી મળી રહે તે ઉદ્દેશથી કાર્યરત 'કચ્છ જળ મંદિર અભિયાન-૨૦૨૪'નો બરંદા ગામેથી શુભારંભ થયો.

નરેડા (લખપત) મંદિરના મહંત દેવચૈતન્ય મહારાજના હસ્તે તથા ભોજાય સર્વોદય ટ્રસ્ટના લીલાધર ગડા 'અધા', દિવ્યભાસ્કર તંત્રી નવીન જોશી ઉપરાંત સંયોજક જયેશ લાલકા, સેતુ અભિયાનના ગોપાલ ભરવાડ, હિના જાદવ (દાયપર), ગિરીરાજસિંહ જાડેજા (સેતુ-અભિયાન) મધુકાંત ખેતશી મહેશ્વરી (નલિયા)ની ઉપસ્થિતિમાં આ વર્ષમાં પીવાના પાણીવાળા તળાવોનું સમારકામ કરવાના કાર્યનો શ્રીફળ વધેરી આરંભ થયો. સંસ્થા ૫૦ થી ૬૦ જળમંદિરોનું સમારકામ કરશે. ૨૦૧૨ થી શરૂ થયેલા આ લોક ભાગીદારીવાળા જળ સુધારણા-સંરક્ષણના અભિયાન હેઠળ હજુ સુધી ૪૦૦ થી વધુ જળમંદિરના કામ સંપન્ન થયા છે. ટ્રેક્ટર અને શ્રમદાન ગ્રામજનોનું અને જેસીબી સંસ્થાનું કાર્ય કરે છે.

### શ્રી જીનેન્દ્ર જ્યોતિર્ધામ મંદિર-ભુજપુર

ભુજપુર કચ્છ સ્થાને શ્રી મહાકાલી મંદિરે ૪૪મી સાલગીરી ધ્વજા ઉત્સાહ તા. ૧૯.૨.૨૦૨૪ આઠે મૂર્તિઓના અભિષેક, બપોર બાદ માતાજીનું પૂજન. તા. ૨૦.૨.૨૦૨૪ સવારના નવગ્રહ-દશદિક પાલ પૂજન મૂર્તિઓને શણગાર ચુંદડી બાદ શિખર નીચે દેરીઓને ધ્વજારોહણ, બપોર બાદ શ્રી ઘંટાકર્ણ મહાપૂજન-હવન આરતી પ્રભાવના તપ-જાપ-જીવદયા. સંતો ભાવિકો પધારશો. પૂજા પૂજ્ય યતિશ્રી કરાવશે.

### નમ્ર નિવેદન

જ્ઞાતિજનો, સંસ્થાઓ તથા મહાજનોને નિવેદન છે કે સમાચાર, જાહેરખબર કે અન્ય માહિતી મોકલતી વખતે ઈ-મેલમાં આપનો કોન્ટેક્ટ નંબર લખવો.

**જીવન ચક્ર**

# જન્મ - સગપણ - લગ્ન - મરણ નોંધ

સંપાદક : **રમેશ પદમશી દંડ (શાહ) – ભરૂડિયા**
મો. : 98197 93610 / E-mail : rpshah41@yahoo.com



## જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૨.૦૮.૨૦૨૩ | ડોંબિવલી | ખુશી, ભૂમી-મનન નાગડા (ભુલ સુધાર) | નલિયા | પુત્રી |
| ૨૫.૧૧.૨૦૨૩ | માંડવી | અવીરા, વિરાલી-જીગર મૈશેરી | ગાંધીધામ | પુત્રી |
| ૧૫.૧૨.૨૦૨૩ | ભાંડુપ | ધ્રુવીલ, રશ્મિ-ચાર્વિક નીતિન મોમાયા | વરાડીયા | પુત્ર |
| ૧૬.૧૨.૨૦૨૩ | થાણા | અદ્‌વીક, અદિતી-જીગર નાગડા | પ્રજાઉ | પુત્ર |

## જ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯.૦૧.૨૦૨૪ | હૈદરાબાદ | હિરંક હરીશ પદમશી મોતા | કુઆપધર | ૨૮ |
| | દિગ્રસ | વર્શીતા દેવેન્દ્ર નરશીભાઈ લોડાયા | બાયઠ | ૨૭ |
| ૨૩.૦૧.૨૦૨૪ | અહમદાબાદ | જાય લીખેશ દામજી મોમાયા | વરાડિયા | ૨૮ |
| | સાંગલી | હિલોની મોહિત વિનોદ લોડાયા | નાની ખાવડી | ૨૭ |
| ૦૨.૦૨.૨૦૨૪ | અમદાવાદ | જય લિખેશ મોમાયા | વરાડિયા | ૨૮ |
| | સાંગલી | હિલોની મોહિત લોડાયા | નાની ખાવડી | ૨૭ |

## આંતરજ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૧.૦૧.૨૦૨૪ | કાંદિવલી | ભાવિન જીતેશ દામજી શાહ | માંડવી | ૨૯ |
| | મુલુંડ | અર્ચના હેમંત પાસુભાઈ શાહ (લોડાયા) | મોટી ખાવડી | ૨૯ |
| ૨૮.૦૧.૨૦૨૪ | કોઈમ્બતુર | યશ જયેશ હિમતલાલ લોડાયા | મોટી ખાવડી | ૨૭ |
| | સીલીગુરી | પલ્લવી મનોજકુમાર કાશીરામ અગરવાલ | રાજસ્થાન | ૨૫ |
| ૦૪.૦૨.૨૦૨૪ | ડોંબિવલી | રોહન જીતેન્દ્ર લક્ષ્મીચંદ લોડાયા | તેરા | ૩૧ |
| | ઘાટકોપર | પુષ્પમ સંજય ગણેશ વાજપાઇ | કાનપુર | ૨૩ |

## આંતરજ્ઞાતિ સગપણ છુટા

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨.૦૧.૨૦૨૪ | મુલુંડ | જુગલ કિરીટ પુનશી વોરા | રંગપુર | ૩૬ |
| | મુલુંડ | ઉર્વી હેમંત વલ્લભજી ગડા | લથેડી | ૩૫ |

## આંતરજ્ઞાતિ લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૩૦.૦૧.૨૦૨૪ | દીગરશ | તેજસ રાજેશ પુનશીભાઈ લોડાયા | સુથરી | ૨૮ |
| | દીગરશ | તૃપ્તી (લીના) દેવીદાસ કોકૂડે | નાગપુર | ૨૭ |

## આંતરજ્ઞાતિ લગ્ન છુટા (સુધારો)

| | | | | |
|---|---|---|---|---|
| ---- | લંડન(ઈંગ્લેંડ) | રિતેશ લલિત વાલજી શાહ (મોતા) | સુથરી (નાશિક) | ૪૧ |
| | લંડન (ઈંગ્લેંડ) | માર્ટીના જિયોવાના માઉરો કિયારી | પારમા (ઈટલી) | ૩૪ |

## મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬.૦૧.૨૦૨૪ | ઘાટકોપર | ધનજી દામજી દંડ | સુથરી | ૮૫ |
| ૧૭.૦૧.૨૦૨૪ | રાયપુર | મોતીચંદ કરમશી શિયાલ | જખૌ | ૮૮ |
| ૧૯.૦૧.૨૦૨૪ | મુલુંડ | વિશાલ હરીશ લોડાયા | બાંઢીયા | ૩૯ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૦.૦૧.૨૦૨૪ | જામનગર | માહી સાગર ધુલ્લા | ભરૂડીયા | ૦૬ |
| ૨૧.૦૧.૨૦૨૪ | ખંડવા | સુશીલાબાઈ દામજી ધુલ્લા | સુથરી | ૯૧ |
| ૨૨.૦૧.૨૦૨૪ | ભાંડુપ | ઠાકરશી મુલજી મોતા | રાપર | ૯૦ |
| ૨૩.૦૧.૨૦૨૪ | મસ્જીદબંદર | ખુશાલ ધનજી મોમાયા | વરાડીયા | ૭૪ |
| ૨૪.૦૧.૨૦૨૪ | અમદાવાદ | ધનલક્ષ્મી ગોવિંદજી લોડાયા | સાંધવ | ૮૨ |
| ૨૪.૦૧.૨૦૨૪ | બોરીવલી | ભવાનાબેન સુભાષ ખોના | રંગપુર | ૬૧ |
| ૨૫.૦૧.૨૦૨૪ | મુલુંડ | નીતિન લક્ષ્મીચંદ લોડાયા | મંજલ | ૭૯ |
| ૨૭.૦૧.૨૦૨૪ | નીઝામાબાદ | વિનોદ વિશનજી નાગડા | તેરા | ૭૪ |
| ૨૭.૦૧.૨૦૨૪ | હુબલી | ખુશાલ લક્ષ્મીચંદ ધરમશી | છાડુરા | ૭૫ |
| ૨૮.૦૧.૨૦૨૪ | જલગામ | મણીલાલ મુલજી મૈશેરી | સિંદોડી મોટી | ૮૨ |

## નવા/બદલાયેલા સરનામા/ફોન – (પુરૂ નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

**Shri Jagatsinh Devshi Lodaya (PS-1012)**
202, Trafalghar Tower, R B Mehta Marg,
Near Vikrant Circle,
Ghatkopar (East), MH - 400 077.
M. : 98336 94413.

**Shri Mehul Girish Lodaya (PS-1158)**
E-204, Sai Ashish Kukreja Complex,
Bhandup Village Road,
Opp. Santoshi Mata Mandir,
Bhandup (West), MH - 400 078.
M. : 98193 07264.

**Smt Nayana Somchand Khona (PS-2308)**
3, Mahavir Darshan CHS, Gr Floor,
Sanghani Estate,
Near Shreyas Cinema,
Ghatkopar (West), MH - 400 086.
M. : 96645 00017 / 08082500017.

**Shri Ramesh Bhavanji Maisheri (PS-6340)**
702, Ameya Apartment,
Dr. Ambedkar Road, Opp. Balaji Temple,
Mulund (West), MH - 400 080.
M. : 93730 21510, 94263 21510.

**Shri Tarzan Lalji Dharamshi (PS-3164)**
1701, AND Rose CHSL, Agasan Road,
Near Agasan Railway Station,
Diva (East), MH - 400 612.
M. : 93240 53449.

**Smt Sushila Virchand Maisheri (PS-1212)**
A-504, Jay Somnath building,
House No 1030, Sector No 5,
Near Koperkhairne Railway Station,
Koperkhairne,
Navi Mumbai, MH - 400 709.
M. : 99302 17102 - Ankit,
93217 05359 - Bhavini.

**Shri Devkaran Harakchand Dand (PS-36)**
702, Vidyanidhi CHSL, Plot No 208,
Goregaon (West), MH - 400 104.
M. : 98200 52432.

**Shri Jitendra Visanji Khona (PS-2302)**
19, Mahavir Darshan CHS,
Sanghani Estate, Near Shreyas Cinema,
Ghatkopar (West), MH - 400 086.
M.: 98207 27978, 97732 92365.

**Kunal Tilakbhai Dagha**
157/3, 8/C, "Momay Nivash",
Near Nilkanth nagar Comman Plot,
Nilkanth Nagar, Mandvi, Kutch,
GJ - 370 465.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની
નોંધ હવેથી **kdoaddress@gmail.com**
ઉપર મોકલવા વિનંતી છે.

# Our Universe : The Jeev – Ajeev Interplay

**- Shilpa Ajani** (B.com, DG, FGA (Lon), FFIG)



Bruno Schulz, the Polish author and artist wrote, "There is no dead matter, lifelessness is only a disguise behind which hide unknown forms of life. The range of these forms is infinite and their shades and nuances limitless."

How true ! The universe is made up of only two components or fundamental realities or Tatvas: Jeev (the living )and Ajeev (nonliving). Jeev Tatva refers to the principle of the soul or living entities, emphasising the eternal and conscious nature of the soul. Ajeev Tatva, on the other hand, pertains to non-living entities or matter, highlighting their insentient and transient characteristics. Together, these two Tatvas play a fundamental role in Jain philosophy, exploring the relationship between the soul and the material world.

Jeev Tatva (soul) is characterized by infinite knowledge, vision, power and bliss. The soul is believed to undergo cycles of birth and death, influenced by karmic interactions, and its ultimate goal is liberation or moksh.

**Ajeev Tatva (non-living matter) encompasses various elements:**

**Pudgal (Matter):** Pudgal is the physical substance or matter that makes up the material world. It is classified into subtle and gross forms. Interactions of pudgala with the soul result in the accumulation of karma.

**Dharm(Medium of Motion):** Dharm is the medium owing to which matter moves in the universe.

**Adharm (Medium of Rest):** Adharm is the medium responsible for the stability or rest of matter. It counteracts the motion induced by dharma, maintaining equilibrium.

**Akash (Space):** Akash is the space in which all entities exist. It provides the necessary environment for the existence and movement of matter and souls.

**Kaal (Time):** Kaal is the dimension of time, considered as a separate entity. It plays a crucial role in the cyclical nature of the universe and the progression of events.

The remaining seven Tatvas are primarily related to the spiritual aspects of existence. These seven spiritual Tatvas provide a comprehensive framework for understanding the journey of the soul, emphasising the importance of self-realization, ethical living, and spiritual purification to achieve ultimate liberation.

**Here's a brief overview:**

**Aasrav (Influx of Karma):** Aasrav refers to the inflow of karmic particles to the soul due to its activities, thoughts, and emotions.

Aasrav is considered living as an aspect of the soul.

**Punya (Merit or Virtue):** Punya is the result of virtuous and righteous actions and leads to favorable circumstances for spiritual progress.

**Paap(Sin):** Conversely, Paap is the result of actions that are considered immoral or harmful. Engaging in deceit, violence, and other unethical behaviors leads to the accumulation of paap. The consequences of Paap are unfavorable, hindering spiritual growth.

**Bandh (Bondage of Karma):** Bandh is classified as non-living since it represents the bondage or attachment of the soul to karmic particles, restricting its spiritual progress. Punya, Paap and Bandh are all material entanglements and are hence defined as non-living.

**Samvar (Inhibition of Karma):** Samvar

*continue...pg 28*

Over View

# MY CLOSEUP WITH A STARTUP

**Tilakchand K. Lodaya,** Chennai.
(Former Chief Commissioner of IncomeTax) Mob.: 99406 36646



Over a cup of coffee many things can happen. They did happen again in my case at the age of 75.

Er. Priyam Venkat got an Idea from his existing business of buying oxygen etc. gases in bulk and filling it in cylinders and selling them . Why not go for a backward integration and establish an Air Separation Unit and gradually make Bharat Atmanirbhar in this field dominated by MNCs. The idea triggered our imagination and entrepreneur in me revived. What attracted me the most was that we wanted to make money from thin air, Taxman again becoming a businessman and serving the nation in achieving its environmental goals.

By the time the second cup of coffee was over, we had outlined the entire startup and its road map considering positive and negative angles.

Keeping in view the finance requirements project was downsized from 100 Tonnes per Day (TPD) to 33 TPD. Locating land, machinery supplier, equity partners, bankers, Government section, documentations needed to be finalised. Multi pronged attack started. Being a startup, bank gave cheap finance. We could get huge capex subsidy from the about to close Government Scheme under Corona. A two acre plot of industrial land was allotted at Chennai in Sipcot by the Government. Govt. owned TIDCO became an equity partner. Arranged promoters equity. Orders for imported machinery placed. Project consultants and tax advisors appointed. Senior experienced personnel in this field were employed. The promoter and team worked round the clock tirelessly. On 22.02.2024 the project was inaugurated within a record period of 8 months.

The raw material is free. Main cost is electricity. Being solar people decided to install 5 megawatts of Solar Energy plant for captive consumption. Before February end it will generate and supply power to the unit. It is total green energy. The sale of entire daily production has been tied up. There is ever increasing demand for gases in the progressive Tamil Nadu. Tax benefits are a cherry on the icecream. Trading in gases also kept the big revenue tap on.

Encouraged by favourable factors, including finance, further capacity enhancement has been planned by 180 TPD . Orders will be placed for advanced machinery before March end. South of Tamil Nadu another Air Separation unit with 50 TPD capacity and also a green Hydrogen plant of 50 tons will be functioning by May, 2025 as per the plans.

When I look back at my startup journey, following factors are important and crucial:

1. Launching a startup can be daunting, do it anyway.Just start.

2. Startup is not just having a great idea or product. It is about the passion for identifying new possibilities and more importantly, fostering trust and support.

3. The recipe for success lies in agility and flexiblity as changing times will require innovative, problem solving approach and a progressive mindset.

4. For aspiring entrepreneurs, the mantra is financial prudence. In our Startup revenue generation is from day one. Once you are in first gear, progressing to 2 or 3 or 4 or special gear is easier, especially in finance.

*continue...pg 28*

# Palliative Care and Cancer

**Alpa Dharamshi** (Multilingual Counsellor) - **M.: 9945365319**
Pehechaan - A Mission To Help Identify Yourself.



"PALLIATIVE CARE IS LIVING LIFE TO THE FULLEST , EVEN IN THE FACE OF ILLNESS " -

DAME CICELY SAUNDERS.

Palliative care is a special approach to caring for anyone with serious illness, such as cancer. Palliative care focuses on improving the quality of life by helping patients and caregivers manage the symptoms of a serious illness and side effects of treatment. It's designed to work with the health care team to help people with a serious illness live as well as they can for as long as they can.

Palliative care is appropriate for people of any age and at any stage in any serious illness. Palliative care should be used whenever the person has symptoms that need to be controlled.

**Palliative care and cancer**

Palliative care is recommended as a standard part of care given to people with cancer. Palliative care does not treat the cancer itself, but can be provided at any time during the cancer experience. Often, palliative care is offered as soon as cancer is diagnosed, provided at the same time as cancer treatment, and continued after treatment is complete. One of its goals is to prevent or treat symptoms and side effects as early as possible.

Palliative care looks at how the cancer experience is affecting the whole person by helping to relieve symptoms, pain, and stress. It gives patients options and allows them and their caregivers to take part in planning their care. It's about making sure that all their care needs are addressed. The specialized professionals who are part of the palliative care team can help look for and manage mental, physical, emotional, social, and spiritual issues that may come up.

Palliative care may also be called supportive care, symptom management, or comfort care. And it's often a part of hospice care if cancer is no longer being treated because it has worsened. No matter what it's called, palliative care has long been recognized as an important part of cancer care and treatment.

Life with cancer -- and cancer treatment -- means learning to manage symptoms and side effects. That's where palliative care comes in. Its goal is to give you relief from pain and discomfort when you have a serious illness. You may also hear it called comfort care, supportive care, or symptom management.

It focuses on easing symptoms like nausea, pain, fatigue, and shortness of breath. And it helps you manage the stress of cancer by helping you handle the emotional side of the disease.

Treatments might include medicine, nutrition therapy, physical therapy, and relaxation techniques like deep breathing. You may also be offered emotional support and counselling, spiritual counseling, as well as practical help to manage insurance, legal, or employment issues.

Palliative care can help guide you when it's time to make decisions about your treatment. It can also help out family and friends who are supporting you during this time.

**Who Gives Palliative Care?**

Your medical team can offer you parts of supportive care. But often with cancer treatment, you'll be referred to other people as well. They might include:

Pharmacists

Physical therapists

Registered dietitians

Counsellors

Social workers

Mental health professionals

Chaplains

Your palliative care team may talk to your doctor to suggest ways to handle your pain and other symptoms.

**When and Where Do You Get Palliative Care?**

It's best if the care can start as soon as you're diagnosed. You can get it through all stages of the disease and treatment.

Depending on what type of support it is, you could get it at your doctor's office, the hospital, a cancer center, another type of facility, or even in your home.

**How Does It Help?**

People who get palliative care have less pain, depression, nausea, and shortness of breath.

They spend less time in intensive care and are less likely to have to go back into the hospital.

People who pair it with their cancer treatment have a better quality of life and mood than those who don't get it at all.

**Is Palliative Care same as Hospice Care?**

No. Hospice care is support given when treatment can no longer control an illness. It's offered as you approach the end of life -- usually when you have no more than 6 months to live. Some treatments might be the same. But the goal is to comfort, not cure.

If you decide to stop cancer treatment, your team can focus on easing your symptoms and giving you the support you need.

***Being Jain   Page no. 25***

involves putting a stop to the influx of new karma by controlling desires, actions, and thoughts.

**Nirjara (Shedding of Karma):** Nirjara is the spiritual process of gradually shedding or eliminating existing karmic particles from the soul through penance.

**Moksh (Liberation):** Moksh, a soul's final liberation, involves breaking all karmic bonds and realising the true nature of the soul. Like Aasrav, Samvar, Nirjara and Moksh are also the states of the soul and are hence living realities.

Understanding the interplay between Jeev Tatva and Ajeev Tatva is crucial from the spiritual standpoint, as it forms the basis for comprehending the complexities of karma, rebirth, and the path to spiritual liberation. The philosophy encourages individuals to live a life of non-violence, truth, and detachment to minimise karmic bondage and attain spiritual purification, leading to self-realisation.

***Over View   Page no. 26***

5. Each hurdle is a lesson and every setback is an opportunity to refine the set vision.

6. Forge new relationships in new contexts. Networking is net net beneficial.

7. Your team is your greatest asset. Narrative woven should be by entire team.

8. Assemble a team of the industry's finest minds at the right moments.

9. Environmental and ethical consciousness is no longer a trend but has emerged as the need of the hour.

10. The recipe for success lies in hard work and how determined you are to achieve your goals. It is not just chasing glamour.

11. Regulations can be a hurdle but also a facilitator. One should study and avail all the benefits Governments and banks offer.

12. Traditional minds can also be an asset along with modernity.

To conclude Startups continue to Challenge the Challenges and evolve to make life bigger, better and brighter.

# સમાચાર

## વર્ધમાનનગર પધારેલા જૈનાચાર્યશ્રીનું ભવ્ય સામૈયું



અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. પોતાના શિષ્ય પરિવાર સહ વર્ધમાનનગરની પાવન ભૂમી પર પધારતાં વર્ધમાનનગર જૈન સંઘ દ્વારા ભવ્યાતિભવ્ય સામૈયું કરવામાં આવેલ.

ઢોલ-શરણાઈ, શણગારેલા બેડા, ધ્વજા-પતાકા, દુપટ્ટાધાર શ્રાવકો, બાંધણીમાં સજ્જ શ્રાવિકાઓ, સામૈયાનું મુખ્ય આકર્ષણ બન્યા હતા. પૂજ્યશ્રીઓએ આદિનાથ સોસાયટી મધ્યે શીતલનાથ જિનાલયનાં દર્શન કર્યા હતા. ત્યારબાદ વિમલનાથ જિનાલયનાં દર્શન કરી અચલગચ્છ ઉપાશ્રયે પહોંચી માંગલિક શ્રવણ કરાવતાં શ્રેણીક રાજાના જીવનનાં અનેક પાસાઓ વર્ણવ્યા હતા. ધર્મનાં માર્ગનો મહિમા અનેક દૃષ્ટાંતો સાથે સમજાવ્યો હતો.

સ્વાગત યાત્રામાં વર્ધમાન નગર ઓનર્સ એસો.ના અધ્યક્ષ રાહુલ મહેતા, મંત્રી હસમુખ વોરા, દિપક લાલન, ભૂપેશ શાહ, પ્રબોધ મુનવર, હીરાચંદ છેડા, મહેન્દ્ર લોડાયા, દિલીપ મોતા, નીમેશ શાહ, કીરીટભાઈ શાહ, દર્શક શાહ, પંકજ નાગડા, દિપેશ શાહ, રાહુલ દંડ, નિરંજન શાહ તથા શ્રાવક-શ્રાવિકાઓ વિશાળ સંખ્યામાં જોડાયા હતા.

## શ્રી છત્તીસગઢ ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-રાયપુર



શ્રી અયોધ્યા ધામમાં ઐતિહાસિક શ્રી રામ મંદિરની પ્રાણપ્રતિષ્ઠાની ખુશાલી નિમીત્તે સોમવાર તા. ૨૨.૧.૨૪ના શુભદિવસે સંપૂર્ણ જિનાલય પરિસરમાં સુંદર લાઈટીંગથી સજાવટ કરી દીપોત્સવ મનાવવામાં આવેલ.

શુક્રવાર તા. ૨૬.૧.૨૪ પ્રજાસત્તાક (ગણતંત્ર) દિવસે શ્રી કુંથુનાથ જિનાલય પરિસરમાં ધ્વજારોહણ મહાજનના પ્રમુખ શ્રી ચંદ્રેશ વીરચંદ છેડાજીના હસ્તે કરવામાં આવેલ.


Lodaya & Dharamsi family
are proud to Announce!!




**Dr Preeti Niren Lodaya**

Has completed Ph.D in
Electronics & Communication
Engineering

Best Regards,
Padmini Kalyanji Manekji Velji Lodaya,
Kanjur Marg (Sayera-Haveri) &
Kashmira Khetsi Thakarsi Bhavanji
Dharamsi, Bhuj (Kothara - Bhopal)
families

# ભાવભીની શ્રદ્ધાંજલિ







: જન્મ :
૧૪.૧૦.૧૯૮૪

: દેહ પરિવર્તન :
૧૯.૦૧.૨૦૨૪

## સુપુત્ર વિશાલ હરીશ લોડાયા

**કચ્છ ગામ બાંડીયા હાલ મુલુંડ, મુંબઈ**

હે જીવન પંથના પથિક, તું આ જગતમાં એકલો આવ્યો ને સહુનો બની ગયો.
તારા જીવનમાં અનેરી મહેક ફેલાવીને સદ્‌ગુણોનો દીપ પ્રગટાવી ગયો.
જીવન એવું અનમોલ જીવી ગયો જે કદી વિસરાય નહી.
સર્જન એવું કર્યું જે સદાય અવિરત વહેતું રહેશે.
વિલય થાય છે દેહનો, પણ યાદ તું રહેશે સદાય અમર.
જીવનનાં અંતિમક્રમ બાદ પણ સોનેરી મુલ્યો સમજાવી ગયો.
તું પલકવારમાં ગયો અને સહુને એકલા છોડી ગયો.

### -: શ્રદ્ધાસુમન :-

**માતા-પિતા :** માલા હરીશ લોડાયા **ધર્મપત્ની :** નમ્રતા વિશાલ લોડાયા

**ભાઈ-ભાભી :** રાધિકા રોમીલ લોડાયા

**દાદાણાં :** માતુશ્રી આશબાઈ રાઘવજી હીરજી લોડાયા પરિવાર-બાંઢીયા

**નાનાણાં :** માતુશ્રી નવલબાઈ લીલાધર આણંદજી મૈશેરી પરિવાર-લાલા

**શ્વસુરપક્ષ :** શ્રી સતીષભાઈ હરશી હરીઆ પરિવાર-દેવપર

**ૠણ સ્વીકાર :** અમારા સુપુત્રના અંતિમ સફરમાં સહભાગી થઈ, રૂબરૂ મળી, શોક સંદેશ, ફોન દ્વારા સાંત્વના આપનાર, આપ સર્વેના અમો હૃદયપૂર્વક આભારી તથા ૠણી છીએ.

**લિ. રાઘવજી હીરજી લોડાયા પરિવાર**

મોબાઈલ નં.: હરીશભાઈ - 9820418472 / માલાબેન - 9833023560
એડ્રેસ : ૮૦૨/એ, બ્લુબેલ્સ એપાર્ટમેન્ટ, દેવીદયાલ રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦.

# રાપરગઢવાળી મંડન શ્રી ગોડિયા પાર્શ્વનાથાય નમઃ

**MaharaoPragmulji III of Kutch**
Ranjit Villa Palace, College Road, Bhuj-370001- Kutch

01-01-2024

સાહિત્યસમ્રાટ, રાજસ્થાન દક્ષિણ દિપક, સૂરિમંત્ર પંચપ્રસ્થાનારાધક, અચલગચ્છનાયક,
પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજ,

સાદર વંદના...

અમારી જાણ મુજબ આપશ્રી, શ્રી પાર્શ્વનાથજી જૈન દેરાસરજી અને ક.દ.ઓ મહાજન ટ્રસ્ટ,રાપરગઢવાળી મધ્યે શ્રી ગોડિયા પાર્શ્વનાથજી જૈન દેરાસરજી ની ભવ્યાતિભવ્ય પુનઃપ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે આપશ્રી સપરિવાર રાપરગઢવાળી પધારી રહ્યા છો.

એક જૈનાચાર્ય તરીકે આપ સમગ્ર સમાજમાં સંસ્કારો અને ગુણોનું વાવેતર કરવા દ્વારા ભારતની સંસ્કૃતિની અદ્ભુત સુરક્ષા કરી રહ્યા છો તે સૌના માટે આદરનો વિષય છે.

અમારા કચ્છનું સૌભાગ્ય છે કે, આપ જેવા મહાન ત્યાગી અને વૈરાગી સંત ની કર્મભૂમિ કચ્છ રહી છે, અચલગચ્છ સંઘાડા નો ભલીભો વર્ગ પણ કચ્છ ચીજ આવે છે, આપશ્રી કચ્છમાં વિચરણ કરીને યુવાઓ માટે વ્યસનમુક્તિ અભિયાન દ્વારા આપના પ્રવચન અને આચરણ થી કચ્છ પ્રદેશમાં રહેતા રહેવાસીઓનું જીવન ધર્મમય બનાવશો, એવી અમારી આપને કરબદ્ધ વિનંતી છે.

આપશ્રી તો સંસારનો ત્યાગ કરીને પરમ વિશુદ્ધ જીવન જીવી રહ્યા છો. પરંતુ અમારા યોગ્ય કોઈપણ સેવાકાર્ય હોય તો અમોને અવશ્ય લાભ આપશો.

લી.
મહારાણી પ્રિતિદેવી ઓફ કચ્છ.

RANJIT VILLA PALACE Bhuj-Kutch 370001



**MaharaoPragmulji III of Kutch**
Ranjit Villa Palace, College Road, Bhuj-370001- Kutch

01/01/2024

પરમ આદરણીય જૈનાચાર્ય
શ્રી વિજયયોગતિલકસૂરીશ્વરજી મહારાજ,

સાદર વંદન,
એક જૈન આચાર્ય તરીકે આપ સમગ્ર સમાજમાં સંસ્કારોનું વાવેતર કરી રહ્યા છો અને ભારતની સંસ્કૃતિની અદ્ભુત સુરક્ષા કરી રહ્યા છો તે સૌના માટે આદરનો વિષય છે.

આપશ્રી સપરિવાર પ્રથમવાર અમારા કચ્છ પ્રદેશમાં પ્રસંગવશ પધારી રહ્યા છો તેવું અમારી જાણમાં આવ્યું છે.

અમો આપને વિનંતી કરીએ છીએ કે આપ કચ્છમાં પધારો અને અમારા કચ્છ પ્રદેશના ગામોગામમાં વિચરણ કરી કચ્છી પ્રજામાં સારા સંસ્કારોનું સિંચન કરી અમારા ઉપર ઉપકાર કરશોજી.

આપના જેવા સંત પુરુષોના પદાર્પણથી કચ્છની ધરતી પાવન થશે.

અમો આપનો ભાવભીનું સ્વાગત કરીએ છીએ.

લી.
મહારાણી પ્રિતિદેવી ઓફ કચ્છ

RANJIT VILLA PALACE Bhuj-Kutch 370001

**સ્વદ્રવ્યથી નિર્મિત 'શ્રી પાર્શ્વશાંતિ પ્રાસાદ' રાપરગઢવાળી તીર્થના પુનઃપ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજા અને દીક્ષાધર્મના મહાનાયક પ.પૂ.આ.ભ.શ્રી વિજય યોગતિલકસૂરીશ્વરજી મહારાજાના આશીર્વાદથી લાભાર્થી પરિવાર માતુશ્રી તારાબેન માણેકજી કેશવજી મોતા પરિવાર દ્વારા કચ્છપ્રદેશના 'મહારાણી શ્રીમતી પ્રીતિદેવી ઓફ કચ્છ'ના મુંબઈ નિવાસસ્થાને શ્રેષ્ઠીવર્ય શ્રી હિતેષભાઈ મોતા અને શ્રીમતી નિશાબેન મોતાએ આમંત્રણ પત્રિકા આપેલ તેની એક આછેરી ઝલક... મહારાણી શ્રીમતી પ્રીતિદેવી ઓફ કચ્છ એ પુનઃ પ્રતિષ્ઠા મહોત્સવ હર્ષોલ્લાસથી પરિપૂર્ણ થાય એવી શુભેચ્છા સાથે મહોત્સવમાં હાજરી આપી સમગ્ર કચ્છપ્રદેશમાં જૈન સમાજને ગૌરવાન્તિ કરશે.**

CDO Prakash Samiksha R.N.I. No. MAHBIL/2020/79181 Date of Publication : 5th & 20th of every month
Postal Reg. No. MCN / 322 / 2024-2026 WPP Licence No. MR/Tech/WPP-352/North/2024-26
Posting : 8 / 9 & 23 / 24 of every month Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

# લડાયક મિજાજના ડૉ. લક્ષ્મીબેન ચંદ્રહાસ ખોના જુદા પથના પથિક



સૌ. ડૉ. લક્ષ્મીબેન ચંદ્રહાસ રતનશી ખોના-સુથરી, હાલે આણંદ-પરેલ, ઉ.વ. ૮૧, અરિહંતશરણ થયેલ છે.

જ્ઞાતિની પ્રવર્તમાન પ્રવૃત્તિઓથી અસંતુષ્ટ રહેતા એમણે 'પાંજો પ્રતિબિંબ' અને 'પ્રેમગંગા' જેવી સામાજીક અને ધાર્મિક પત્રિકાઓ શરૂ કરી અને સમસ્ત જ્ઞાતિને વિના મુલ્યે પહોંચાડી.

આ પત્રિકાઓના સંપાદનમાં તંત્રી તરીકેની ભૂમિકા અને લેખન મેઈન લાઈન તંત્રીઓની હરોળમાં સ્થાન અપાવનારી રહી.

જ્ઞાતિ આધારિત પત્રિકાના તંત્રી તરીકેની કામગીરી ખૂબ પડકારભરી હોય છે પણ ડૉ. લક્ષ્મીબેને એ ભૂમિકા સહજતાથી નિભાવી. સાથે જ પાંજો પ્રતિબિંબના નેજા હેઠળ જ્ઞાતિ સેવાના અનેક કાર્યક્રમો અખિલ જ્ઞાતિ ધોરણે મૂર્તિમંત કર્યા.

☆ પાંજો પ્રતિબિંબ તરફથી વિદ્યાર્થીઓના સન્માન કાર્યક્રમ.

☆ વિવિધ વિષયો અંગે, ક્ષેત્રના જ્ઞાતિ તેમજ બહારના વિદ્વાનોના જ્ઞાનનો પરિચય કરાવતા કાર્યક્રમ-પરિસંવાદ યોજ્યા.

☆ વયોવૃદ્ધ વડીલોના સન્માન કાર્યક્રમ યોજી તેમના સુદીર્ઘ જીવનના રહસ્યો જ્ઞાતિ સમક્ષ લાવવાના પ્રયાસ કર્યા.

☆ જ્ઞાતિની અસ્કયામતો સંબંધે ખૂબ સંવેદનશીલ હતા. અને સંભાવિત નુકસાનને લઈ લડાયક હતા. આ ઉપરાંત તેમણે જ્ઞાતિ માટે કૃષિ, રોકાણ અને નાણાંકીય પ્રવૃત્તિ શરૂ કરી પણ પૂરતો પ્રતિસાદ મળ્યો નહીં.

☆ વસતી પત્રકના પ્રકાશનમાં થઈ રહેલા વિલંબથી નારાજ થઈ પાંજો પ્રતિબિંબ અંતર્ગત સાતમું વસ્તીપત્રક એકલપંડે પ્રકાશિત કરી સમસ્ત જ્ઞાતિને વિનામુલ્યે વિતરીત કર્યું.

બહુમુખી પ્રતિભાશાળી વિદુષી ડૉ. લક્ષ્મીબેન ઉગ્ર જ્ઞાતિદાઝ ધરાવતા હતા. એમણે ખાસ કરીને કલ્પવૃક્ષ યોજના સામે જોરદાર લડત ચલાવી હતી. જેને હવે આંશિક સફળતા મળી છે એમ કહી શકાય.

'ઉતરતું ચલાવી લેવું નહીં' એવા સ્વભાવવાળા ડૉ. લક્ષ્મીબેનની શક્તિઓનો લાભ જ્ઞાતિ લઈ શકી નહીં એનો અફસોસ રહેશે.

યાદ કરવું જોઈએ કે ચંદ્રહાસભાઈએ સારા જીવનસાથી તરીકે ડૉ. લક્ષ્મીબેનને સંપૂર્ણ સહયોગ આપ્યો.

પ્રભુ એ દિવંગત આત્માને ઉચ્ચતમ ગતિ અર્પે અને પરિવારજનોને ઘેરા શોકનો આઘાત સહેવાની શક્તિ આપે.

**પ્રકાશ સમીક્ષા પરિવારની શ્રદ્ધાંજલિ.**

| If undelivered, please return to : | To, |
|---|---|
| **C.D.O. PRAKASH SAMIKSHA**<br>A/704, Remi Bizcourt, Shah Indl. Estate,<br>Off Veera Desai Road,<br>Andheri (W), Mumbai - 400 053. | |

Printed and Published by **HIRACHAND DAMJI DAND** on behalf of **SHRI C.D.O. PRAKASH SAMIKSHA SAMITI,** Printed at THE NEW MILLENIUM PRINTERS, 14-A, GROUND FLOOR, SITARAM MILL, PATRA SHED, SITARAM MILL COMPOUND, JACOB CIRCLE, LOWER PAREL, MUMBAI 400 013 and Published from SHRI C.D.O. PRAKASH SAMIKSHA SAMITI, A/704, REMI BIZCOURT, PLOT NO. 9, SHAH INDL. ESTATE, OFF VEERA DESAI ROAD, ANDHERI (WEST), MUMBAI 400 053. Editor: **HIRACHAND DAMJI DAND**